ISSN 2250-3064

# HAIMPRAPA

Vol. 12 FEBRUARY, 2025



The Peer Reviewed Research Journal
of
The Department of Sanskrit & Bharatiyavidya

# हैमप्रपा



Hemchandracharya North Gujarat University
Patan (Gujarat)

Scanned with OKEN Scanner

ISSN 2250-3064
Vol. 12, February 2025

The Peer-Reviewed Research Journal
of
The Department of Sanskrit & Bhartiyavidya
Hemchandracharya North Gujarat University, Patan

# हैमप्रपा

# HAIMPRAPA

The Department of Sanskrit & Bhartiyavidya,
Hemchandracharya North Gujarat University,
Patan - 384265



Scanned with OKEN Scanner

**Peer-Review Committee :**
Prof. Ajit I. Thakor
Prof. Vasant M. Bhatt
Prof. Kamlesh Choksi

**Chief Editor :**
Prof. Devsinh B. Rathva

**Managing Editor :**
Prof. Hetal S. Patel

**Editorial Board :**
Prof. Dilip C. Patel
Dr. Vipul M. Shrimali
Dr. Vaishali J. Patel
Dr. Sapna J. Patel
Dr. Nilesh A. Patel

**HAIMPRAPA**
The Peer-Reviewed Research Journal
of the Department of Sanskrit & Bharatiyavidya
© : Editors
All rights reserved.
Vol. XII, 22nd February, 2025

**Price : Rs. 200/-**

**Copies : 300**

**Published by :**
Department of Sanskrit & Bhartiyvidya,
Hemchandracharya North Gujarat University, Patan

**Published Annually**

**Printed by :**
Vinod Printary (Maha-Gujarat), Patan
Ph. 02766-269112, Mo. 9898756011 • E-mail : vinodprintery@gmail.com

## Author's Guidelines for HAIMPRAPA

### The Peer-reviewed Research Journal

The Peer-reviewed Annual Research Journal of Sanskrit Literature-'*Haimprapa*' aims at promoting original research in Sanskrit language and literature, manuscriptology and Indology. Original research papers are invited for publication. Researchers interested may submit their original research articles. Below mentioned is the guideline to be strictly followed while preparing the research papers:

- The research paper should contribute to the advancement or should illuminate a particular aspect in any of the above mentioned fields. The author needs to conform to his/her own area of expertise pertaining to the theory or grounds of knowledge covered, and must incorporate a chronological arrangement of ideas and methods when reporting on the research done.
- Every submission should adhere to the journal format & style, in Sanskrit, Hindi, or English language comprehensive, concise and complete.
- It is essential that authors prepare their manuscripts free of plagiarism according to established specifications. Failure to follow them may result in papers being rejected.
- Therefore, contributors are strongly encouraged to read these instructions carefully before preparing a manuscript for submission. The manuscripts should be checked carefully for grammatical errors. All papers are subjected to peer review.

### Types of Manuscripts

- Total number of authors should not exceed three.
- Research Paper does not have strict word limit but it should not be written in more than 7000 words.
- Short communications are the one that should present new important findings in brief.
- All the conditions must be fulfilled by each author. Participation solely in the acquisition of funding or the collection of data or secretarial aid, does not justify authorship.
- Any part of an article critical to the main conclusions must be the responsibility ofat least one author.
- Submission of an article to *Haimprapa* is understood to imply that it has not been either published or not being considered for publication elsewhere.
- The author's permission to publish his/her article in this journal implies exclusive authorization to the publisher to deal with all issues concerning copyright therein. Manuscripts with multi authors imply the consent of each of the authors.

### Guidelines to Prepare the manuscript of research paper:

- The research papers writen in English should be prepared in MS Word in A4

size page with margins 2.5cm on all sides, Times New Roman font using a font size of 12.

- Papers prepared in Hindi or Sanskrit should have been typed in Arial Mangal in Unicode format in MS Word.
- Title shall be in a font size 14, bold face capitals, single-spaced throughout.
- All section titles in the manuscript shall be in font size 12, bold face capitals.
- Subtitles in each section shall be in font size 12, bold face lower case.
- Manuscript should inclue Title, Abstract, Key word, Introduction, detailed Analysis and conclusion along with References.
- Reference and work cited should be as per MLA Handbook 9th Edition.

We do not want any hard copy or CD of the Manuscripts. Only complete file should be submitted to the Email : **hemsamaroh@gmail.com**

The decision to accept a contribution rests with Editor-in-chief and associate editors which reserves the right to make alterations in manuscripts submitted for publication if they do not conform to the conclusion or if they are to00 repetitive.

**The Editorial and Peer Review Process:**

The article submitted for publication in *Haimprapa* first undergoes editorial review for scanning & assessment of standard of the article. The journal expects that authors would authorize one of them to correspond with the Journal for all matters related to the manuscript. All manuscripts received are duly acknowledged. Manuscripts with insufficient originality, serious scientific or technical flaws, or lack of a significant message are rejected before proceeding for formal peer-review. Manuscripts that are unlikely to be of interest to the *Haimprapa* readers are also liable to be rejected at this stage itself. The editors decide whether to forward the article for peer review or to return the article to authors for modification to meet the Uniform standard requirements of manuscript submission in *Haimprapa*. The journal follows double blind peer review system. Based on the editor's decision, the article is forwarded anonymously to two subject experts for adjudication. The adjudicatory comments (if any) and suggestions (acceptance/ rejection/ amendments in manuscript) received from reviewers are again referred anonymously to the corresponding author for necessary modifications. If required, the author is requested to provide a point by point response to reviewers' comments and make the amendments in the article are to be highlighted separately and then submit a revised version of the manuscript. The Editorial Board again examines the modified article and conveys the publication status of the article. The whole process of submission of the manuscript to final decision and sending and receiving proofs is completed online.

**Copyrights**

The entire contents of the *Haimprapa* are protected under Indian and international copyrights @ editorial board.

**Dr. D.B. Rathva** (Chief Editor)



Scanned with OKEN Scanner

# संपादकीय निवेदन

"हेमप्रपा" का १२वाँ अंक प्रकाशित करते हुए हमें बहुत खुशी हो रही है। इस बार यह शोधपत्रिका को हमने Peer-review करके और अधिक गुणवत्ता प्रदान करने का प्रयास किया है। विश्व विद्यालयने भी हमे इसकी अनुमति प्रदान की है। 'हैमप्रपा' को ISSN तो आरम्भकाल से हि मिला हुआ है। प्राच्यविद्या के पाठक, संशोधक ऐवम् जिज्ञासुओं के लिये यह शोधपत्रिका उपकार रहेगी ऐसा हमें विश्वास है। इस शोधपत्रिकामें प्रकाशन के लिये अपना शोधपत्र प्रदान करनेवाले सभी लेखकों, शोधपत्रों का संपादन करनेवाले सभी संपादकों, मूल्यांकनकार, तज्ज्ञों ऐवम् विश्वविद्यालय के पदाधिकारीओं का हम ऋणस्वीकार करते है। यह शोधपत्रिका के प्रचार-प्रसार और गुणवत्ता सुधार के सूचन सहर्ष आवकार्य है।

- डॉ. देवसिंह राठवा

(Chief Editor)

# अनुक्रमणिका


| अ.नं. | शोधपत्र का विषय | संशोधक का नाम | पृष्ठ नं. |
|---|---|---|---|
| 1. | आधुनिकं संस्कृतसाहित्यम् | प्रो. रवीन्द्रकुमार पण्डा | 3 |
| 2. | કાવ્યનો પ્રાણ વક્રોક્તિ | પ્રો. લલિતકુમાર પટેલ | 17 |
| 3. | 'धर्मचक्र-प्रवर्तनम्' नाटक की वर्तमानकालीन उपादेयता | डॉ. दिलीप सी. पटेल | 45 |
| 4. | સિદ્ધહેમશબ્દાનુશાસનના अर्हम् - १-१-१ સૂત્રનો દ્વયાશ્રય મહાકાવ્યમાં વિનિયોગ | પ્રો. ડૉ. દેવસિંહ બી. રાઠવા<br>ડૉ. રૂમાલીબેન એમ. રાઠવા | 52 |
| 5. | *Panchatantra*: A Narrative Medicine for Intellectually Disabled Children | *Dr. Bhoomiben M. Gurjar* | 58 |
| 6. | The Idea of Human freedom depicted in Sanskrit Literature | *Dr. Preeti Pujara* | 63 |
| 7. | समग्र गणपाठ परंपरा का विशिष्ट ग्रन्थ: गणरत्नमहोदधि | डॉ. महाकान्त जयन्तिलाल जोशी | 72 |
| 8. | वैदिक साहित्य में शिव तत्त्व का चिन्तन | डॉ. मंजुला जे. वीरडिया | 79 |
| 9. | चंदनमुनि कृत 'रयणवालकहा' का काव्यात्मक परिशीलन | डॉ. विपुल एम. श्रीमाळ | 84 |
| 10. | हस्तप्रतविद्या-क्षेत्र से सम्बद्ध कुछ समस्याएँ और निर्देश | वैशाली जे. पटेल | 98 |




Scanned with OKEN Scanner

# કાવ્યનો પ્રાણ વક્રોક્તિ

પ્રો઼ફે.લલિતકુમાર પટેલ*

ભૂમિકા

ભારતીય કાવ્યશાસ્ત્રની વિચારયાત્રા ભરતથી પણ પ્રાચીન હતી. પ્રાપ્ત ગ્રંથો અનુસાર આ વિચારયાત્રા ભરતથી માંડી જગન્નાથ સુધીના લગભગ ૧૫૦૦ વર્ષોના લાંબા ગાળામાં ફેલાયેલી છે. અને અદ્યાવધિ પણ આ આધુનિક કાવ્યશાસ્ત્રને ધ્યાનમાં લઈ પ્રવાહિત બની રહી છે. આ વિચારયાત્રાના ભાગરૂપે ભામહ, દંડી, રૂદ્રટ, ઉદ્ભટ, વામન, આનંદવર્ધન, અભિનવગુપ્ત, મમ્મટ, કુન્તક વગેરે આચાર્યો સાહિત્યતત્ત્વના જાણકાર વિદ્વાનોએ કાવ્યસૌંદર્યને ઓળખી અલંકાર, ગુણ, રીતિ, વૃત્તિ, ધ્વનિ, રસ, વક્રોક્તિ, ઔચિત્ય, ચમત્કાર જેવા કાવ્યના ઉત્કર્ષક અને દોષ જેવા અપકર્ષક ધર્મોની વિચારણા કરી છે, તેમાં રસતત્ત્વની સર્વોપરિતા લગભગ સર્વસ્વીસ્કૃત અને પ્રામાણિક રહી. આ કાવ્યશોભાવર્ધક ચારુત્વ હેતુઓની ચર્ચા તો ઘણા પ્રાચીન સમયથી આરંભાઈ હતી. તે તે કાવ્યતત્ત્વોના જાણકાર આચાર્યોએ અલંકાર, રસ, ગુણ વગેરેની વિચારણાને શુદ્ધ કાવ્યના સંદર્ભમાં પરીક્ષણ કરી, તેની તાત્ત્વિક બાબતોનો વિચાર કરી પોતે સિદ્ધાન્તપક્ષની સ્થાપના કરી હતી. તેમાંના કોઈ એક કાવ્યતત્ત્વનો અંગી તરીકે સ્વીકાર કરી અન્ય તત્ત્વોનો અંગ તરીકે સ્વીકાર કર્યો હતો. કોઈકે રસને કાવ્યનું અંગી તત્ત્વ માન્યું, તો કોઈક આચાર્યએ અલંકારને, તો વળી કોઈકે રીતિને અને કોઈ આચાર્યએ ધ્વનિને કાવ્યના આત્મભૂત તત્ત્વ તરીકે સ્વીકાર કરી પોત-પોતાના ગ્રંથની રચના કરી.

તે સંદર્ભમાં જોઈએ તો આચાર્ય ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં - ''**न हि रसादृते कश्चिदार्थ प्रवर्तते**'' ઉક્તિ દ્વારા રસમીમાંસા પ્રસ્તુત કરી છે. આચાર્ય ભામહે કાવ્યાલંકારમાં અલંકારમીમાંસા રજૂ કરી છે. કાવ્યાલંકારસૂત્રવૃત્તિમાં ગ્રંથની રચના આચાર્ય વામને કરી **रीतिरात्मा काव्यस्य** નો વિચાર કર્યો. તો આનંદવર્ધને **काव्यस्यात्मा ध्वनिः** એવું કહી રસ-ધ્વનિ-વ્યંજન વિચાર પ્રસ્તુત કર્યો. આનંદવર્ધનના કેટલાંક અનુગામી આચાર્યોએ આ વિચારને જેવો ને તેવો ન

---

**HAIMPRAPA** : The Peer-Reviewed Research Journal of the Department of Sanskrit & Bharatiyavidya Bhavan, Hemchandrachary North Gujarat University, Patan. Vol. XII. February 2025. P. 17-43

* કાર્યકારી કુલસચિવ, શોધનિર્દેશક, સાહિત્ય વિભાગાધ્યક્ષ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ.

Scanned with OKEN Scanner

સ્વીકારતાં પોતાના બુદ્ધિવૈભવથી તેને મઠાર્યો. તેમાં કુન્તકનું નામ મોખરે છે તેવું ડૉ. તપસ્વી નાન્દી ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓમાં જણાવે છે. (પૃ-૨૭૮) જો કે કાવ્યશાસ્ત્રના ઉપર્યુક્ત સૂચિત ગ્રંથોના અવલોકનથી એવું જણાય છે કે દરેક આચાર્યએ કાવ્યને ચારુત્વ બક્ષનારા તત્ત્વોની કાવ્યના સંદર્ભમાં પરીક્ષા કરી સ્પષ્ટ રીતે નિષેધ કે નિરસન કર્યા વગર પોતાના સિદ્ધાન્તની સ્થાપના કરવા મૌલિક વિચારણા આપી છે, તેમ આચાર્ય કુન્તકે પણ વક્રોક્તિ વિશે મૌલિક વિચારણા કરી છે. કુન્તકની વક્રોક્તિસિદ્ધાન્ત મીમાંસામાં મૌલિકતા ઉપરાંત તાત્ત્વિકતા અને તાર્કિકતાનું એટલું બળ હતું કે વક્રોક્તિને રસ, ધ્વનિ, અલંકાર અને રીતિની સમકક્ષ સ્વતંત્ર કાવ્યવિચારણાની પ્રતિષ્ઠા મળી. તેના સાહિત્યમીમાંસાનાં મૌલિક તત્ત્વોએ અલંકારશાસ્ત્રને એક નવી દિશા ખોલી આપી. આચાર્ય રાજાનક કુન્તક વક્રોક્તિવિચારના મુખ્ય પ્રવર્તક તરીકે જાણીતા છે. જો કે ભામહે અલંકારના મૂળના સંદર્ભમાં વક્રોક્તિનો ઉલ્લેખ કર્યો હતો – **वक्राभिधेगशब्दोक्तिः इष्टवाचाम् अलङ्कृतिः ।** ત્યાં વક્રોક્તિને ઈષ્ટ વાણી– ઈષ્ટ અર્થની અલંકૃતિ તરીકે ઓળખવામાં આવે છે તે વક્રોક્તિને અતિશયોક્તિ સાથે જોડે છે. તે ઉક્તિના ગુણની અતિશયતાને અતિશયોક્તિ કહે છે તે અતિશયતા અલૌકિક વસ્તુનું નિદર્શન છે – **लोकातिक्रान्तगोचरता । सा एषा सर्वत्र वक्रोक्तिः** એવું કહીને ભામહ ગુણાતિશય અતિશયોક્તિને જ વક્રોક્તિ કહે છે. આવી વક્રોક્તિ બધાં અલંકારોનું મૂળ છે – **कोऽलङ्कारोऽनया विना** એવો પ્રશ્ન કરી વક્રોક્તિના ક્ષેત્રને સ્ફુટ તેમજ અસ્ફુટ અલંકારો સુધી વિસ્તારી વક્રોક્તિનો જેમાં અભાવ છે તેવા હેતુ, સૂક્ષ્મ અને લેશ અલંકારોનો નિષેધ કરી ભામહ વક્રોક્તિની અલંકાર માટેની જીવાતુભૂતતા નિરૂપે છે. દંડીએ સમગ્ર વાઙ્મયને સ્વભાવોક્તિ અને વક્રોક્તિમાં વિભાજિત કર્યું. તમામ વક્રોક્તિમાં મોટેભાગે શ્લેષ પોષકતત્ત્વ તરીકે રહેલો છે. તેવું તેમને લાગ્યું.

**श्लेषः सर्वासु पुष्णाति प्रायो वक्रोक्तिषु श्रियः ।**
**भिन्नं द्विविधा स्वभावोक्तिर्वक्रोक्तिश्चेति वाङ्मयः ॥**

સ્વભાવોક્તિનો અલંકાર તરીકે નિષેધ કરવાની ભૂમિકા અને વિચારબીજ આચાર્ય કુન્તકને દંડીમાંથી સાંપડ્યું. વામન વક્રોક્તિના સ્વરૂપને લોકસીમાતિવર્તી તત્ત્વના રૂપમાં સીમિત કરી તેને સાદૃશ્યમૂલક લક્ષણ ઉપર આધારિત અર્થાલંકાર કહે છે – **सादृश्य... लक्षणा वक्रोक्तिः ।** પરંતુ વામને વક્રોક્તિ ઔપમ્યમૂલક અલંકાર પૂરતી મર્યાદિત ગણી. તેઓના બધા જ અલંકારો ઉપમા પ્રપંચ છે. ઉપમાનું તત્ત્વ બધા અલંકારોમાં સર્વ સાધારણ રીતે રહેલું છે. તેને જ ભામહે વક્રોક્તિ અને દંડીએ અતિશયોક્તિ તરીકે ઓળખાવ્યું હોય તેવું લાગે છે.

રુદ્રટે વક્રોક્તિને શબ્દાલંકારના રૂપે નિરૂપી, જેનો અનુગામી મમ્મટાદિ તમામ આલંકારિકોએ તે જ રૂપમાં સ્વીકાર કરી ઉલ્લેખ કર્યો. આનંદવર્ધને વક્રોક્તિને અતિશયોક્તિગર્ભ કવિપ્રતિભાજન્ય



Scanned with OKEN Scanner

ગણી. આનંદવર્ધન ધ્વન્યાલોકમાં ૨.૨૧માં નોંધે છે કે–

**स चाक्षिप्तोऽलङ्कारो यत्र पुनः शब्दान्तरेणाभिहितसर्वरूपस्तत्र न शब्दशक्त्युद्भवानुरणनरूप-व्यङ्ग्यध्वनिव्यवहारः । तत्र वक्रोक्त्यादिवाच्या-लङ्कारव्यवहार एव ।** અર્થાત્ જ્યાં શબ્દશક્તિથી સંક્ષિપ્ત રીતે જ અલંકાર પ્રકાશિત થાય, અને તે શબ્દ વડે કહેવાયેલો ન હોય તે શબ્દશક્તિમૂલ ધ્વનિ કહેવાય છે, ત્યાં વક્રોક્તિ વગેરે વાચ્યાલંકારનો જ વ્યવહાર માનવો. અહીં આનંદવર્ધન વક્રોક્તિને વાચ્યાલંકારના અર્થમાં પ્રયુક્ત કરે છે. વક્રોક્તિને વ્યાપક અર્થ તેમને અભિપ્રેત નથી. અભિનવગુપ્ત પણ આનંદવર્ધનના વક્રોક્તિ નિરૂપણનું વિવેચન કરે છે. તેમના મતે શબ્દ અને અર્થની વક્રતા એટલે શબ્દાર્થનું લોકોત્તીર્ણ (લોકોત્તર) રૂપે રહેવું તે. લોકોત્તરતા જ અતિશય છે – **लोकोत्तरेण च एव अतिशयः ।** આથી અતિશયોક્તિ બધાં અલંકારોમાં સામાન્ય છે, આ અતિશયોક્તિથી સકલ જનના ઉપભોગથી પુરાણો થયેલો હોવા છતાં અર્થ વિચિત્ર રીતે ભાવિત થાય છે તથા પ્રમદા, ઉદ્યાન વગેરેને વિભાવનું સ્વરૂપ અપાવે છે, વિશેષ રૂપે ભાવન કરાવે છે, રસમય બનાવે છે. **(अनया अतिशयोक्त्या अर्थः सकलजनोपभोगपुराणीकृतोऽपि विचित्रतया भाव्यते तथा प्रमदोद्यानादिः विभावतां नीयते । विशेषेण च भाव्यते रसमयीक्रियते इति - लोचनटीका, ध्वन्यालोक-३/३६)**

આમ, ભામહમાં જે બીજ રૂપે રહેલો વક્રોક્તિ વિચાર દંડી, વામન, રૂદ્રટ વગેરે આલંકારિકોની પરિણતબુદ્ધિથી અતિશયોક્તિના સીમિત શબ્દાલંકારના રૂપમાં આલોચના પામી આનંદવર્ધન અને અભિનવગુપ્તમાં અમુક રીતે વ્યાપકરૂપમાં સચવાઈને કુન્તકમાં તે અંકુરિત, પલ્લવિત અને વિકસિત થઈ પદ-પ્રત્યયથી માંડી પ્રબન્ધ સુધી વિસ્તરી કાવ્યના આત્મતત્ત્વ તરીકે પ્રતિષ્ઠિત થયો.

### આચાર્ય કુન્તકનું જીવન અને સમય

આચાર્ય રાજાનક કુન્તક વક્રોક્તિવિચારને વિકસિત અને પ્રતિષ્ઠિત કરનાર તરીકે જાણીતા છે. કુન્તકે પોતાની પ્રતિભા અને પરિણતપ્રજ્ઞા વૈભવથી વક્રોક્તિવિચારને કાવ્યના મૂળ સિદ્ધાન્તોને કાવ્યના એરણ પર ચકાસી वक्रोक्तिजीवितम् ગ્રંથને આકાર આપ્યો. આ સિવાય એમની બીજી કોઈ કૃતિ ઉપલબ્ધ થતી નથી. આ ગ્રંથના આંતરિક અને અન્ય ગ્રંથોના તેમના ઉલ્લેખોને, શિલાલેખોને આધારે તેમનાં સમય અને જીવન વિશે વિચાર કરીશું.

### કુન્તકનું જીવન

કુન્તકનું રાજાનક એ વિશેષણ સૂચવે છે કે તેઓ કાશ્મીરના હતા. તેઓ કાશ્મીરી પરંપરાના કાવ્યશાસ્ત્રના પંડિત હતા. તેમના સાહિત્યસર્જનની ક્રીડાસ્લી કાશ્મીર હોવાનું જણાય છે. वक्रोक्तिजीवितम् ના મંગલશ્લોક દ્વારા કુન્તક પરમ શિવની વંદના કરે છે –

जगत्त्रितयवैचित्र्यचित्रकर्मविधायिनम्।
शिवं शक्तिपरिस्पन्दमात्रोपकरणं नुमः ।।

આ શિવ વંદનાથી એવું સ્પષ્ટ લાગે છે કે તેઓ કાશ્મીર શૈવાગમ પ્રત્યભિજ્ઞાદર્શનના અનુયાયી હતા. આ પદ્યમાં તેમણે શિવ, શક્તિ, પરિસ્પન્દ અને જગત શબ્દનો પ્રયોગ કર્યો છે, જેનો સંબન્ધ શૈવાગમ સાથે છે. वक्रोक्तिजीवितम् ગ્રંથમાં स्पन्द અથવા परिस्पन्द શબ્દનો અનેકવિધ પ્રયોગ થયેલો જોવા મળે છે. તેઓ શૈવાગમ-પ્રત્યભિજ્ઞાદર્શનના આચાર્ય છે. એવું સિદ્ધ કરવા શૈવાગમના સ્પન્દ અને પરિસ્પન્દ શબ્દોનો અર્થ જાણવો સમજવો અત્યંત આવશ્યક છે. પ્રત્યભિજ્ઞાદર્શન અનુસાર અદ્વૈત, નિરાકાર અને સચ્ચિદાનંદ સ્વરૂપ પરમતત્ત્વ એ પરમ શિવ છે. જે પોતાની પરમ શક્તિઓથી અનુભવાતા જગત્પ્રપંચને ઉત્પન્ન કરે છે. અનેક શક્તિઓ હોવા છતાં તેમની ચિત્, આનંદ, ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા એ પાંચ શક્તિઓ મુખ્ય છે. શિવ આ શક્તિઓથી અભિન્ન છે. તેમાં આ પાંચ શક્તિઓ દ્વારા જગત્પ્રપંચ સ્ફુરિત કરે છે. આ રીતે શક્તિમાં જે કાંઈક પરિસ્ફુરણ થાય છે, જે **किञ्चिच्चलन** ને લીધે स्पन्द કહેવાય છે. **स्पदि किञ्चिच्चलने इति स्पन्दनात् स्पन्दः स्पन्दनश्च निस्वरङ्गस्यास्य तावत् परमात्मनः युगपन्निर्विकल्पाया सर्वत्रोन्मुख्यवृत्तिता।।** અર્થાત શાન્ત, અચંચળ, નિર્વિકાર પરમાત્મા પરમશિવની એક સાથે સર્વત્ર અર્થાત વિત્રૂપ સમસ્ત આકારોમાં ઉન્મુખ થઈ જવું તે સ્પન્દ છે. તાત્પર્ય એ છે કે અદ્વૈત શિવનો અનેકતામાં આભાસ સ્પન્દ છે. શક્તિનું આ સ્પન્દ વસ્તુતઃ જગત્ છે. તે શક્તિથી અભિન્ન છે, શક્તિ શિવથી અભિન્ન છે. કુન્તક કાવ્યમાર્ગોનું નિરૂપણ કરતાં સ્વયં કહે છે કે - **सुकुमारस्वभावस्य कवेस्तथाविधैवसहजा शक्तिः समुद्भवति, शक्ति-शक्तिमतोरभेदान्।** આથી શિવ એ જગતથી અભિન્ન થયું. આથી શૈવાગમ કેવળ પરમશિવની અદ્વૈત સત્તાનો સ્વીકાર કરે છે. તેથી આચાર્ય કુન્તક શૈવાગમ પ્રત્યભિજ્ઞાદર્શનના અનુયાયી હોવાની જણાય છે. આ કારણે કુન્તકે પોતાના કાવ્યલક્ષણગ્રંથ વક્રોક્તિજીવનતમ્ માં કાવ્યવિષયક વિચાર કરતી વખતે સ્પન્દ કે પરિસ્પન્દ શબ્દો અનેકવાર પ્રયોજ્યા છે. મહામહોપાધ્યાય ડૉ. પી. વી. કાણેના મતે - वक्रोक्तिजीवितम् ની માતૃકાના પ્રત્યેક ઉન્મેષના અંતમાં લેખકનું નામ રાજાનક કુન્તક એવું આપવામાં આવ્યું છે, પરંતુ વ્યક્તિવિવેકના પદ્ય (પૃ. ૨૧૬ काव्य काञ्चन) માં કુન્તક નામ આવ્યું છે. ગોપાલે પોતાની કાવ્યપ્રકાશ ટીકા (ભૂમિકા, પદ્ય-૨)માં સૂચિત કર્યું છે કે તેમનું નામ કુન્તક હોવું જોઈએ.

वक्रानुरञ्जनीमुक्तिं चञ्चूमिव मुखे वहन्।
कुन्तकः क्रीडति सुखं कीर्तिस्फटिकपञ्जरे।।

આ શ્લોકમાં કુન્તકનું તાત્પર્ય એક નાનકડા માળાથી છે, જેની તુલના પોપટની ચાંચથી



Scanned with OKEN Scanner

કરી શકાય છે, પરંતુ कुन्तल નો અર્થ કેશ લેવાથી આ તુલના સંભવ નથી. (संस्कृतकाव्यशास्त्र का इतिहास, पृ. २९२)

**આચાર્ય કુન્તકનો સમય (કાલનિર્ધારણ)**

આચાર્ય કુન્તકનો वक्रोक्तिजीवितम् ગ્રંથ ઉપલબ્ધ થાય છે, જે અપૂર્ણ છે. આ ગ્રંથમાં ગ્રંથકારે પોતાના વિષયમાં કોઈ નિર્દેશ કર્યો નથી તેથી તેમના કાળનું નિર્ધારણ પોતાના ગ્રંથમાં ઉદ્ધૃત કવિઓ કે આચાર્યોના આધારે અથવા તેમના ગ્રંથમાંથી ઉદ્ધૃત આચાર્યોના નામો અને ઉદાહરણોને આધારે કરવું પડે.

ધ્વન્યાલોકકાર અને વિદ્ધશાલભંજિકાના રચયિતા રાજશેખર કુન્તકના પૂર્વવર્તી આચાર્યો છે. તેમનો ઉલ્લેખ વક્રોક્તિજીવિતકારે કર્યો છે. ધ્વન્યાલોકની નીચેની કારિકા ઉદ્ધૃત કરતાં કુન્તક લખે છે કે- लावण्यमित्युपपादितमिति प्रतीयमानं पुनरन्यदेव वस्त्वस्ति वाणीषु महाकवीनाम्। यत्तत्प्रसिद्धावयवातिरिक्तं विभाति लावण्यमिवाङ्गनाः॥ (ध्वन्यालोक-१/४, व.जी.-पृ.१२०) રસવત્ અલંકારના ખંડન પ્રસંગે પણ તેઓ ધ્વન્યાલોકની કારિકા ઉદ્ધૃત કરે છે-

**प्रधानेऽन्यत्र वाक्यार्थे यत्राङ्गन्तु रसा....।**
**काव्ये तस्मिन्नलङ्कारो रसादिरिति मे मतिः॥**
**(ध्वन्यालोक-२/५, व.जी.-पृ. ..)**

આ કારિકાની વૃત્તિમાં नवप्तो हस्तावलग्नः, किं हास्येन न मे प्रयास्यति જેવા ઉદાહરણોનું ખંડન પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત ક્રિયાવૈચિત્ર્યવક્રતાના ઉદાહરણ રૂપે - स्वेच्छाकेसरिणः... મંગલશ્લોકને ઉદ્ધૃત કરે છે. આમ ધ્વન્યાલોક કારિકા અને વૃત્તિભાગ બંનેથી આચાર્ય કુન્તક પરિચિત છે, તેવું સ્પષ્ટ થાય છે, તેથી આનંદવર્ધન આચાર્ય કુન્તકના પૂર્વવર્તી છે, તેમ સિદ્ધ થાય છે.

રાજશેખરની विद्वशालभिञ्जका, बालरामायण વગેરેમાંથી પણ કુન્તકે ઉદાહરણ લીધાં છે. તેઓ પ્રકરણવક્રતા પ્રસંગે તેનો बालरामायण નો સંદર્ભ આપતાં લખે છે કે - यथा बालरामायणे चतुर्थेऽङ्के लङ्केश्वरानुकारी नटः प्रहस्तानुकारिणा नटेनानुवर्त्यमानः-

**कर्पूर इव दग्धोऽपि शक्तिमान् यो जने जने।**
**नमः शृङ्गारबीजाय तस्मै कुसुमधन्वने॥**

રાજશેખરને વિચિત્રમાર્ગના અનુયાયી કવિના રૂપમાં તે માને છે - तथैव च विचित्रवक्रत्वविजृम्भितं हर्षचरिते प्राचुर्येण भट्टबाणस्य विभाव्यते। भवभूतिराजशेखरविरचितेषु बन्धसौन्दर्यसुभगेषु मुक्तकेषु परिदृश्यते। (वक्रो. पृ.११५) આનંદવર્ધનથી રાજશેખર પરવર્તી હતા, કારણ કે રાજશેખર આનંદનો ઉલ્લેખ સ્પષ્ટ રૂપે કાવ્યમીમાંસામાં કરે છે - प्रतिभाव्युत्पत्त्योः



Scanned with OKEN Scanner

प्रतिभा श्रेयसीत्यानन्दः। सा हि कवेरव्युत्पत्तिकृतं दोषमशेषमाच्छादयति। तदाह-

अव्युत्पत्तिकृतो दोषः शक्त्या संव्रियते कविः।
यस्त्वशक्तिकृतस्तस्य झटित्येवावभासते॥
(काव्यमीमांसा-५)

ઉપર્યુક્ત વિવેચનથી કુન્તકનો સમય રાજશેખર પછીનો નિર્ધારિત થાય છે. રાજશેખર પોતાના ગ્રંથોમાં મહેન્દ્રપાલને પોતાના ગુરૂ ગણાવે છે. સિયાડો શિલાલેખ પ્રમાણે- મહેન્દ્રપાલ કન્નૌજના સમ્રાટ્ હતા. તેમનો સમય ઈ.સ.૮૦૩ થી ઈ.સ.૮૦૯ અને તેમના પુત્ર મહીપાલનો સમય ઈ.સ.૯૯૭નો નક્કી થાય છે, આથી રાજશેખરનો સમય ઈ.સ.૮૬૦ તથા ઈ.સ.૯૩૦ના મધ્યનો નિર્ધારિત કરી શકાય. આમ, કુન્તકની પૂર્વસીમા ઈ.સ.૯૨૦ કે ત્યારપછીની નક્કી કરી શકાય.

કુન્તકના પરવર્તી આચાર્યોમાં મહિમભટ્ટે વ્યક્તિવિવેકમાં, વિદ્યાધરે એકાવલીમાં, નરેન્દ્રપ્રભસૂરિએ અલંકારમહોદધિમાં તથા સોમેશ્વરે કાવ્યપ્રકાશ ટીકામાં કુન્તકના નામનો ઉલ્લેખ કર્યો છે. આ બધા આચાર્યોમાં મહિમભટ્ટ પ્રાચીનતમ છે. આથી કુન્તક મહિમભટ્ટના પૂર્વવર્તી છે એવું સ્વીકારવામાં કોઈ આપત્તિ જણાતી નથી. આ ઉપરાંત કુન્તકના કાલનિર્ધારણ માટે જેનો ઘનિષ્ટ સંબન્ધ છે, તે મુજબ કુન્તક અને અભિનવગુપ્તમાં કોણ પૂર્વવર્તી અને કોણ પરવર્તી? એ નક્કી કરવું. આ વિષયમાં વિદ્વાનોમાં મોટો મતભેદ છે. ડૉ. મુકર્જી અને ડૉ.લાહિરી કુન્તકને અભિનવગુપ્તના પૂર્વવર્તી માને છે. તેમનું માનવું છે કે અભિનવગુપ્ત કુન્તકના વક્રોક્તિજીવિતથી પરિચિત હતા, તેમણે ભરતના લક્ષણની કુન્તકની વક્રોક્તિ સાથે સમાનતા સિદ્ધ કરી. ડૉ. સુશીલકુમાર ડે, ડૉ. રાઘવન્, ભારતરત્ન મ.મ.ડૉ. પી.વી.કાણે જેવા વિદ્વાનો કુન્તકને અભિનવગુપ્તના પૂર્વવર્તી સ્વીકારતા નથી. ડૉ. કાન્તિચંદ્ર પાણ્ડેય પોતાના શોધપ્રબન્ધ અભિનવગુપ્તમાં અભિનવના પોતાના ગ્રંથોને આધારે તેમનો કૃતિત્વ કાળ ઈ.સ.૯૯૦-૯૧ થી ૧૧૦૧-૧૫ સુધી અને જન્મ કાળ ઈ.સ.૯૫૦ થી ૯૬૦ સુધીનો નિર્ધારિત કર્યો છે. તેથી તેમના ૨૫ થી ૩૦ વર્ષ પહેલાં કુન્તકનો જન્મકાળ માનીએ તો તેમનો જન્મ સમય લગભગ ઈ.સ.૯૨૫ નિર્ધારિત કરી શકાય. જે રાજશેખરના સમય સાથે પણ મેળ ખાય છે. સિયાડોની શિલાલેખના આધારે પણ આ સમયનો અસ્વીકાર કરવામાં કોઈ કારણ જણાતું નથી. આથી કુન્તકનો કૃતિત્વકાળ દશમી સદીના ઉત્તરાર્દ્ધનો પ્રારંભ માનવો યોગ્ય છે, તેવું શ્રી રાધેશ્યામ મિશ્રજીનું મંતવ્ય છે. જે અભિનવગુપ્તના કૃતિત્વકાળ સાથે પણ મેળ ધરાવે છે. કુન્તકના સમયના મત-મતાંતર અંગે વિવિધ મતોના અભ્યાસ માટે Concepts of Riti and Guna - ડૉ. લાહિરી, પ્રકરણ-૨, ડૉ. એલ.કે.ડે સંપાદિત વક્રોક્તિજીવિતમ્ ની પ્રસ્તાવના અને ડૉ. પી.વી.કાણેનું મંતવ્ય વાંચવું જોઈએ.

વર્ષો સુધી વક્રોક્તિજીવિતમ્ ગ્રંથ ઉપલબ્ધ ન હતો. અલંકારસર્વસ્વ, સાહિત્યદર્પણ, વ્યક્તિવિવેક, એકાવલી જેવા લક્ષણગ્રંથોમાં કુન્તકના અને તેમના ગ્રંથના ઉદ્ધરણો પ્રાપ્ત થતાં હતાં. ડૉ. પી.વી.કાણે જણાવે છે તેમ તેમને ડૉ. વેલવેલકરની કૃપાથી મદ્રાસ(ચેન્નઈ)માં રહેલી હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થઈ હતી. જેનો ઉપયોગ તેમણે ઈ.સ.૧૯૨૩ના સંસ્કરણમાં કર્યો હતો. ડૉ. સુશીલકુમાર ડેએ ઈ.સ.૧૯૨૩માં વક્રોક્તિજીવિતમ્ ના બે ઉન્મેષ પ્રકાશિત કર્યા હતા. જેનો ઉપયોગ પણ કાણે મહોદયે તેમના સંસ્કરણમાં કર્યો હતો. ચાર ઉન્મેષોથી યુક્ત આચાર્ય વિશ્વેશ્વરની હિન્દી ટીકાયુક્ત વક્રોક્તિજીવિતમ્ પ્રકાશિત થયેલું છે, તેની હાર્ડકોપી તો ન મળી પરંતુ સોફ્ટકોપી મને ઉપલબ્ધ થઈ, આ સિવાય શ્રી રાધેશ્યામ મિશ્રજી દ્વારા સંપાદિત વક્રોક્તિજીવિતમ્ કે જે ચાર ઉન્મેષોથી યુક્ત છે તે પ્રાપ્ત થયું. ઉપર્યુક્ત પ્રાપ્ત ગ્રંથોના આધારે વક્રોક્તિજીવિતમ્ માં નિરૂપિત વિષયોને જાણીએ.

**વક્રોક્તિજીવિતમ્ માં નિરૂપિત વિષય**

અત્યારે ઉપલબ્ધ વક્રોક્તિજીવિતમ્ ચાર ઉન્મેષોમાં વિભાજિત છે. તેમાં પહેલાં બે અને ત્રીજાનો આરંભનો થોડો ભાગ સમગ્ર પ્રાપ્ત થાય છે, જે સળંગ લાગે છે, જ્યારે ત્રીજામાં રસવદ્ અલંકારથી શરૂ કરીને જ્યાંથી અલંકારોની વિચારણાનો પ્રારંભ થાય છે ત્યાંથી ચોથા ઉન્મેષના લગભગ અંત સુધીનો ભાગ વિક્ષિપ્ત રૂપે મળે છે, ચોથો ઉન્મેષ અસમાપ્ત છે, જેની પાંડુલિપિના વિષયમાં ડૉ. એસ.કે.ડે ઉલ્લેખ કરે છે – There is no colophon to this chapter but the scribe marks - **असमाप्तोऽयं ग्रन्थः** (V.J., Page-246)

વિદ્યમાન વક્રોક્તિજીવિતમ્ ના ત્રણ ભાગ છે- (૧) કારિકા, (૨) વૃત્તિ(વ્યાખ્યા) અને (૩) ઉદાહરણ. કુન્તકે પહેલાં કારિકાઓની રચના કરી પછી તેની વ્યાખ્યા અને ઉદાહરણ પ્રસ્તુત કર્યા હશે. ઉદાહરણો પૂર્વવર્તી ગ્રંથોમાંથી લેવામાં આવ્યાં છે. આ ગ્રંથની કારિકા અને વૃત્તિના રચયિતા કુન્તક જ છે,આ બાબતને લગભગ બધા વિદ્વાનો સ્વીકારે છે.

**વક્રોક્તિજીવિતમ્ નું અભિધાન, અભિધેય અને પ્રયોજન**

વક્રોક્તિજીવિતમ્ ગ્રંથ મૌલિકતા, સાહિત્યિક ગુણવત્તા અને સુંદર સાહિત્યિક વિચારોથી પરિપૂર્ણ છે. અનેક પ્રમાણોથી એ સિદ્ધ થાય જ છે કે આ ગ્રંથનું અભિધાન વક્રોક્તિજીવિતમ્ છે, પરંતુ પ્રથમ ઉન્મેષમાં કાવ્યસ્યયમલઙ્કારઃ કોऽપ્યપૂર્વો વિધીયતે। એવી કુન્તક દ્વારા પ્રયુક્ત શબ્દાવલીથી ગ્રંથના અભિધાન વિશે વિમર્શ કરવાનો અવસર વિદ્વાનોને પ્રાપ્ત થયો છે. આ વિધાનને આધારે જ આ ગ્રંથનું નામ કાવ્યાલઙ્કાર સિદ્ધ કરવાનો પ્રયાસ થયો છે. મહામહોપાધ્યાય ડૉ. પી.વી.કાણે મહોદયનું કથન છે – ''ऐसा प्रतीत होता है कि कुन्तक केअनुसार केवल कारिका भाग को ही काव्यालंकार कहा जाना चाहिये। इसका प्रमाण प्रथम उन्मेष की प्रस्तुत कारिका से



Scanned with OKEN Scanner

मिलता है- लोकोत्तरचमत्कारकारिवैचित्र्यसिद्धये। काव्यस्यायमलङ्कारः कोऽप्यपूर्वो विधीयते॥ इसकी वृत्ति में कहा गया है- ननु सन्ति चिरन्तनास्तदलङ्कारास्तत् किमर्थमित्याह- अपूर्वः तद्व्यतिरिक्तार्थाभिधायी। कोऽपि अलौकिकः सातिशयः। लोकोत्तर-चमत्कारकारवैचित्र्यसिद्धये असामान्याह्लादविधायिविचित्रभाव-सम्पत्तये। यद्यपि शतशः काव्यालङ्कारास्तथापि न कुतश्चिदप्येवंविधवैचित्र्यसिद्धिः। यह भी ध्यान देने की बात है कि भामह, उद्भट और रुद्रट की रचनाओं को काव्यालंकार कहा जाता था। यद्यपि कारिका भाग केलिए काव्यालंकार कहा गया है, फिर भी सारे ग्रन्थ को परवर्ती लेखकों ने वक्रोक्तिजीवित माना है। विषय में यह वृत्ति स्पष्ट है- तदयमर्थः ग्रन्थस्यास्य अलङ्कार इत्यभिधानं, उपमादिप्रमेयजातमभिधेयं, उक्तरूपवैचित्र्यसिद्धिः प्रयोजनमिति। (संस्कृत काव्यशास्त्र का इतिहास, पृ.२८२)''

પ્રો.તપસ્વી નાન્દી આ બાબતમાં આ પ્રમાણે ઉલ્લેખ કરે છે - કુન્તક પોતાના ગ્રંથ અલંકારમાં વક્રોક્તિને કાવ્યનો આત્મા અથવા જીવિત તરીકે નિરૂપે છે અને આથી જ તેઓ વક્રોક્તિજીવિતકાર તરીકે ખ્યાતિ પામ્યા છે. (ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, પૃ.૨૭૮) શ્રી રાધેશ્યામ આ મતને સ્વીકારતા નથી તેઓ નીચેની દલીલો રજૂ કરી ડૉ. પી.વી.કાણેના મતનું ખંડન કરે છે-

- જો કુન્તકે કારિકાગ્રંથનું નામ કાવ્યાલંકાર રાખ્યું હોત તો તેઓ ભામહ અને રુદ્રટની જેમ - काव्यालङ्कार इत्येष कोऽप्यपूर्वो विधीयते। એવું લખતા, પરંતુ એની જગ્યાએ काव्यमस्यायमलङ्कारः कोऽप्यपूर्वो विधीयते। એવું લખ્યું છે.
- જો કુન્તકને ગ્રંથનું નામ काव्यालङ्कार એવું અભિપ્રેત હોત તો તેમણે વૃત્તિમાં - अलङ्कारो विधीयते अलङ्करणं क्रियते। कस्य-काव्यस्य, कवेः कर्म काव्यं तस्य એમ ન કહીને काव्यालङ्काय इति ग्रन्थः क्रियते। એમ કહેતા.
- જે કથનને આધારે ડૉ. પી.વી.કાણે આ ગ્રંથનું નામ કાવ્યાલંકાર કહે છે, તે સ્વયં - ग्रन्थस्यास्य अलङ्कार इत्यभिधानम् - ન થઇને - ग्रन्थस्यास्य काव्यालङ्कार इत्यभिधानम् એવું થશે.
- ननु च सन्ति चिरन्तनास्तदलङ्काराः। એવા કુન્તકના કથન સાથે સંગતિ નહીં થાય કારણ કે તેનું તાત્પર્ય એવું થશે કે કુન્તકે કેવળ ભામહ તથા રુદ્રટ સિવાય અન્ય કોઈ ગ્રંથના વિવેચન પર ધ્યાન આપ્યું નથી. જે યોગ્ય નથી.
- જો કાવ્યાલંકાર અને વક્રોક્તિજીવિત એમ ક્રમશઃ કારિકા અને વૃત્તિ ભાગનું નામ આપીએ તો દરેક ઉન્મેષની સમાપ્તિ પર - इति श्रीराजानककुन्तकविरचिते काव्यालङ्कारे प्रथम उन्मेषः, द्वितीय उन्मेषः... વગેરે પ્રાપ્ત થવું જોઇએ જે પ્રાપ્ત થતું નથી. પ્રથમ ઉન્મેષની

સમાપ્તિ પર – इति श्रीराजानककुन्तकविरचिते वक्रोक्तिजीविते काव्यालङ्कारे प्रथम उन्मेषः એવું પ્રાપ્ત થાય છે એ ખરું પણ દ્વિતીય અને તૃતીય ઉન્મેષની સમાપ્તિ પર इति श्रीराजानककुन्तकविरचिते वक्रोक्तिजीविते द्वितीय उन्मेषः, तृतीय उन्मेषः એમ ઉપલબ્ધ થાય છે, તેમાં કાવ્યાલંકારની વાત નથી.

અહીં અલંકાર એ શબ્દનું તાત્પર્ય એ છે કે – અલંકારોનું પ્રતિપાદન કરનારો ગ્રંથ અલંકાર ગ્રંથ. આ રીતે કારિકાનો અર્થ એવો થશે કે કુન્તક કાવ્યના અલંકારગ્રંથનું નિર્માણ કરી રહ્યા છે. કારણ કે કુન્તક સ્પષ્ટ રીતે આ વાતને વૃત્તિભાગમાં કહે છે – अलङ्कारशब्दः शरीरस्य शोभातिशयकारित्वान्मुख्यतया क.. कादिषु वर्तते, तत्कारित्वसामान्यादुपचारादुपमादिषु, तद्वदेव च तत्सदृशेषु गुणादिषु तथैव च तदभिधायिनि ग्रन्थे। અહીં કુન્તકને અલંકાર શબ્દનો અર્થ અલંકારોનું પ્રતિપાદન કરનારો ગ્રંથ એવું અભિપ્રેત ન હોત તો આટલી મોટી અલંકાર શબ્દની વ્યાખ્યા કરવાની આવશ્યકતા ન હતી. કારણ કે ગુણ વગેરેને તો દંડી, વામન વગેરે પૂર્વાચાર્યો અલંકાર શબ્દ દ્વારા વ્યવહૃત કરી ચૂક્યા હતા તેને ફરીથી સમજાવવાની કોઈ આવશ્યકતા જ ન હતી, જો તેમને ઉપર્યુક્ત અર્થ અભિષ્ટ ન હોત. વળી, काव्यस्यायमलङ्कारः... એ કથનથી અભિધાન અને અભિધેય બંનેનો બોધ થઈ જશે. અર્થાત્ આ રીતે અલંકારોનું પ્રતિપાદન કરનારા ગ્રંથોનું નામ ઉપચારથી અલંકાર અને તેમના અભિધેય ઉપમા વગેરે અલંકાર રૂપ પ્રમેય હોય છે. આથી કુન્તકે પોતાના ગ્રંથનું નામ वक्रोक्तिजीवितम् રાખ્યું છે. વળી, બધા આચાર્યો કુન્તકને વક્રોક્તિજીવિતકારના રૂપમાં જ સ્મરણ કરે છે. આ ગ્રંથનું અભિધેય ઉપમા વગેરે પ્રમેય સમૂહ છે. સ્વયં કુન્તક કહે છે – उपमादिप्रमेयजातमभिधेयम्। અહીં તેઓ માત્ર वक्रोक्तिजीवितम् નું નહીં પરંતુ સમગ્ર અલંકારગ્રંથોનું પ્રયોજન બતાવી રહ્યા છે કારણ કે ઉપમાદિ બધા અલંકારોનો તેમના वक्रोक्तिजीवितम् માં જ અંતર્ભાવ થઈ જાય છે – वाक्यस्य वक्रभावोऽन्यो भिद्यते यः सहस्रधा। यत्रालङ्कारवर्गोऽसौ सर्वोऽप्यन्तर्भविष्यति॥ (वक्रो.१/२०)

**અલંકાર ગ્રંથનું પ્રયોજન**

વાગ્દેવીને વંદન કર્યા પછી કુન્તક જુદી જ રીતે પોતાના અલંકારગ્રંથની રચનાનું પ્રયોજન રજૂ કરે છે, ત્યારબાદ અલંકાર્ય એવા કાવ્યનું પ્રયોજન પણ અલગ પ્રતિપાદિત કરે છે. પ્રયોજન તેઓ પ્રસ્તુત કરતાં કહે છે કે – लोकोत्तरचमत्कारकारिवैचित्र्यसिद्धये। काव्यस्यायमलङ्कारः कोऽप्यपूर्वो विधीयते॥ અર્થાત્ અલૌકિક આનંદને ઉત્પન્ન કરનારા વૈચિત્ર્યની સિદ્ધિ કરવા માટે કોઈ અપૂર્વ એવા કાવ્યના અલંકારગ્રંથનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ઘણા બધા પ્રાચીન અલંકારગ્રંથો છે, તો નવા ગ્રંથની રચનાથી શું? એવી શંકાના નિરાકરણ માટે અપૂર્વ (મૌલિક વસ્તુને) પ્રસ્તુત કરનારા ગ્રંથનું નિર્માણ કરી રહ્યા છે. यद्यपि सन्ति शतशः काव्यालङ्कारास्तथापि



Scanned with OKEN Scanner

न कुतश्चिदप्येवंविधवैचित्र्यसिद्धिः। આમ અલંકારગ્રંથનું પ્રયોજન કહ્યા પછી અલંકાર્ય-કવિકર્મ રૂપ કાવ્યનાં ત્રણ પ્રયોજન ગણાવે છે, કારણ કે અલંકાર દ્વારા સુશોભિત એવા અલંકાર્ય-કાવ્યના પ્રયોજન વિના તે અલંકાર પ્રયોજન પણ નકામા છે.

**અલંકાર્ય-કાવ્યના પ્રયોજન**

**(૧) ચતુર્વર્ગફલપ્રાપ્તિ**

કાવ્યનું પ્રથમ પ્રયોજન તો ધર્માદિ અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપ ચતુર્વર્ગ સિદ્ધિનો ઉપાય છે. શાસ્ત્રાદિ કઠોર ક્રમથી અભિહિત હોવાને લીધે સુકુમારબુદ્ધિવાળા અભિજાત રાજકુમારો માટે આહ્લાદકારક બનતા નથી. જ્યારે કાવ્ય સુકુમાર ક્રમથી અભિહિત હોવાથી સહૃદય આહ્લાદકારક હોવાથી ચતુર્વર્ગફલપ્રાપ્તિનો ઉપાય બને છે. તાત્પર્ય એ છે કે કાવ્ય રાજપુત્રાદિ અભિજાત વર્ગને પણ ચતુર્વર્ગફલપ્રાપ્તિ કરાવે છે. धर्मादिसाधनोपायः सुकुमारक्रमोदितः। काव्यबन्धोऽभिजातानां हृदयाह्लादकारकः॥ (वक्रो.१/३)

સાહિત્યદર્પણકાર પણ કહે છે – चतुर्वर्गफलप्राप्तिः सुखादल्पधियामपि। (सा.द. १/२)

**(૨) વ્યવહારજ્ઞાન**

રાજપુત્રાદિ અભિજાતવર્ગને કર્તવ્ય, અકર્તવ્ય વગેરે રૂપી ધર્મનો બોધ કરાવવો. સત્કાવ્યોમાં નિરૂપિત રાજા, અમાત્ય, સેનાપતિ, ભૃત્યાદિના વ્યવહારોથી તેમને ઉચિત વ્યવહારનું જ્ઞાન કરાવવું એ કાવ્યનું બીજું પ્રયોજન છે – व्यवहारपरिस्पन्दसौन्दर्यं व्यवहारिभिः। सत्काव्याधिगमादेव नूतनौचित्यमाप्यते॥ (वक्रो.१/४)

**(૩) આનંદપ્રાપ્તિ**

ધર્માદિ પુરુષાર્થ ચતુષ્ટયના આસ્વાદથી પણ ચડિયાતા એવા કાવ્યામૃતરસનો અનુભવ કરાવી સામાજિકોના ચિત્તમાં ચમત્કાર ફેલાવવો એ કાવ્યનું ત્રીજું પ્રયોજન છે - चतुर्वर्गफलास्वादमप्यतिक्रम्य तद्विदाम्। काव्यामृतरसेनान्तश्चमत्कारो वितन्यते॥ (वक्रो.१/५)

આમ કુન્તકના મતે ચતુર્વર્ગફલપ્રાપ્તિ, ઉપદેશ (વ્યવહાર) અને આનંદ એ ત્રણ પ્રયોજન છે.

વક્રોક્તિ સંજ્ઞાનો અને તેમાં વિદ્યમાન ચમત્કૃતિનો સ્વીકાર કુન્તક પહેલાં થયેલા પુરોગામીઓએ કર્યો જ હતો. જેની ચર્ચા આપણે આગળ વિસ્તારથી કરીશું. કુન્તકના વક્રોક્તિ સિદ્ધાન્તને પણ રસ, ધ્વનિ, અલંકાર અને રીતિની સમકક્ષ ગણી સ્વતંત્ર રીતે સ્વીકારવામાં આવ્યો. તે વક્રોક્તિ સિદ્ધાન્તની ચર્ચા હવે કરવામાં આવે છે.

**વક્રોક્તિવિચાર**

સામાન્ય રીતે વક્રોક્તિ શબ્દથી બે પ્રકારનું અર્થઘટન થાય છે, ૧. વ્યવહારિક અર્થમાં

ISSN 2250-3064

Scanned with OKEN Scanner

વક્રોક્તિ- જે વાંકુ કથન, વાંકી વાણી, જૂદી વાણી, કપટવાણી, કટાક્ષવાણી જેવા પર્યાયોથી સમજી શકાય છે અને ૨. સાહિત્યિક અર્થમાં વક્રોક્તિ- સાહિત્યિક પરંપરામાં વક્રોક્તિનો અર્થ- વિશિષ્ટ-ઉક્તિ, સુંદર-ઉક્તિ, આકર્ષકવાણી, ઔચિત્યપૂર્ણ ઉક્તિ, અદ્‌ભૂત વાણી, કાવ્યાત્મક ઉક્તિ, સૌંદર્યપૂર્ણ વાણી, ચમત્કારિક વાણી જેવા પર્યાયો પ્રચલિત છે. અહીં વક્રોક્તિનો બીજો અર્થ આચાર્ય કુંતકને અપેક્ષિત અને યોગ્ય છે. તેથી જ આચાર્ય કુંતકના મતાનુસાર સત્કાવ્યને ઓળખવા કાવ્યનું વક્રોક્તિયુક્ત હોવું અનિવાર્ય છે. તથા કુંતકાચાર્ય વક્રોક્તિને જ કવિકર્મકૌશલનું મુખ્ય પાસું ગણાવે છે. વધુમાં, પાશ્ચાત્ય તત્ત્વચિંતક ટી.એસ.એલિયટ કહે છે કે- ''કાવ્યમાં સંવેદનને સીધે-સીધું અભિવ્યક્ત કરવાની મનાઇ છે, કારણ કે સંવેદનની સીધી અભિવ્યક્તિ અત્યંત અકલાત્મક અસુંદર છે.''

રાજાનક કુન્તક વક્રોક્તિવિચારનો વિસ્તાર કરી સિદ્ધાન્ત તરીકે સ્થાપિત કરનારા આચાર્ય છે. પોતાના અલંકારગ્રંથની રચનાનું પ્રયોજન બતાવતાં તેઓ કહે છે કે- અલૌકિક ચમત્કાર ઉત્પન્ન કરનાર કાવ્યવૈચિત્ર્યની સિદ્ધિ માટે તેમણે અપૂર્વ ગ્રંથ રચ્યો છે. ત્યારબાદ અલંકાર્ય કવિકર્મ રૂપ કાવ્યનાં ત્રણ પ્રયોજનો દર્શાવે છે. આમ, અલંકાર અને અલંકાર્ય જુદા એટલા માટે વિવેચિત કર્યા છે કે જેથી કાવ્યવિષયક તે ઉપાયભૂત બની શકે. સાલંકારનું જ કાવ્યત્વ હોય છે. અલંકાર સહિતના જ સમગ્ર અવયવરહિતના સમુદાયનું જ કાવ્યત્વ અથવા કવિકર્મત્વ થાય છે. આમ, કાવ્ય અને તેનો અલંકાર એ બે જુદી વસ્તુઓ નથી - सालङ्कारस्य काव्यता सालङ्कारस्यालङ्करणसहितस्य सकलस्य निरस्तावयवस्य सतः समुदायस्य काव्यता कविकर्मत्वम्। આમ, અલંકૃતનું કાવ્યત્વ એ સ્થિતિ છે નહિં કે કાવ્યનો અલંકાર સાથે યોગ. सालङ्कारस्य काव्यता એવું સંમુગ્ધ રૂપથી કાવ્યનું કંઇક સ્વરૂપ બતાવી કુન્તક કાવ્યનું સ્વરૂપ નિશ્ચિત કરવાનો ઉપક્રમ કરે છે -

**काव्यलक्षणम्**

**शब्दार्थौ सहितौ वक्रकविव्यापारशालिनि।**
**बन्धे व्यवस्थितौ काव्यं तद्विदाह्लादकारिणि॥**

અર્થાત્ વક્રકવિવ્યાપારથી શોભતા તદ્વિદોને આહ્લાદ આપનારા બન્ધમાં ગોઠવાયેલા, સાથે રહેલા શબ્દ અને અર્થ એ કાવ્ય. ખરેખર તો કુન્તકનો સમગ્ર ગ્રંથ પ્રસ્તુત કાવ્યલક્ષણની વ્યાખ્યા રૂપ જ લાગે છે. લક્ષણના દરેક શબ્દની તેઓ વિસ્તારપૂર્વક સોદાહરણ વ્યાખ્યા પ્રસ્તુત કરે છે.

**શબ્દ અને અર્થ તથા તેમનું સાહિત્ય**

જેમ તલના દરેક દાણામાં તેલ હોય છે, તેમ શબ્દ અને અર્થ બંને ભેગા મળીને કાવ્ય બને છે. ફક્ત રમણીયતાવિશિષ્ટ શબ્દ અથવા ફક્ત ચારુતાવિશિષ્ટ અર્થ કાવ્ય બનતા નથી. કાવ્યસર્જન



Scanned with OKEN Scanner

માટે શબ્દ અને અર્થ બંને સુંદર અને રમણીય હોવા જોઈએ – न शब्दस्यैव रमणीयताविशिष्टस्य केवलस्य काव्यत्वम्, नाप्यर्थस्येति। તેનાં ઉદાહરણો ક્રમશઃ પ્રસ્તુત કરતાં તે જણાવે છે કે – भण तरुणि.... એ પદ્યમાં કેવળ વર્ણોના સાવર્ણ્યની સુંદરતા જ છે, પણ કોઈપણ પ્રકારની અર્થની વિચિત્રતા દેખાતી નથી. प्रकाशस्वाभाव्यम्.... એ પદ્યમાં કવિએ પ્રતિભાથી પ્રતીત માત્ર વસ્તુને જ પદ્યબદ્ધ કરી લીધી છે, પરંતુ તેમાં શબ્દવક્રતાની શોભા જણાતી નથી. કાવ્યમાં એવો શબ્દ અપેક્ષિત છે કે અનેક સમાનાર્થી વાચકો (શબ્દો) વિદ્યમાન હોવા છતાં વિવક્ષિત અર્થનો એકમાત્ર વાચક હોય, વિવક્ષિત અર્થને અભિવ્યક્ત કરવા જે રીતે તે સમર્થ હોય તે રીતે અન્ય સમાનાર્થી શબ્દ બની શકે જ નહિં – शब्दो विवक्षितार्थैकवाचकोऽन्येषु सत्स्वपि। વળી, કાવ્યમાં એવો અર્થ અપેક્ષિત છે કે જે અર્થ પોતાના સ્વભાવની રમણીયતાથી સહૃદયોને આહ્લાદિત કરવામાં સમર્થ હોય. પદાર્થોના ઘણાં ધર્મો હોય છે, છતાં એવા ધર્મ સાથેનો યોગ કે જે સહૃદયોને આહ્લાદિત કરે તે ખાસ તત્ત્વ સ્વભાવ એ કવિપ્રતિભાનો પરિસ્પન્દ છે કે જે પદાર્થોને નવું પરિણામ બક્ષે છે – अर्थः सहृदयाह्लादकारिस्वस्पन्दसुन्दरः। આમ, કાવ્ય તો શબ્દ અને અર્થના આવા સમતોલનથી સિદ્ધ એવું વિશિષ્ટ સાહિત્ય છે – विशिष्टमेवेह साहित्यमभिप्रेतम्। કુન્તકે શબ્દ સાથે અર્થ ભેગા મળીને सहितौ એવું કહ્યું છે, તેનું તાત્પર્ય એ છે કે શબ્દ અને અર્થ હંમેશાં ભેગા જ હોય છે, પણ સાહિત્યમાં એટલું પૂરતું નથી. સાહિત્યમાં તો શબ્દ અને અર્થ વક્રતાથી સુંદર એવી ગુણાલંકારની સંપત્તિને પ્રગટ કરવા માટે અહમહમિકયા પરસ્પર સ્પર્ધા કરવા હોવા જોઈએ. આ સ્પર્ધા શબ્દોની બીજા શબ્દો સાથે અને અર્થની બીજા અર્થો સાથે થવી જોઈએ. અહીં લક્ષણમાં એક શબ્દ અને એક અર્થ મળીને શબ્દાર્થો એવું દ્વિવચન નહિં સમજવાનું. અહીં દ્વિવચન દ્વારા વાચ્ય (અર્થ) અને વાચક (શબ્દ)ની બે જાતિઓ અભિપ્રેત છે. એક શબ્દ અને એક અર્થમાં દ્વિવચન માનીએ તો તો એક જ શબ્દમાં શબ્દ અને અર્થ ભેગા રહેવાથી દ્વિવચન થતાં તેમાં સાહિત્ય (કાવ્ય) માનવાનો પ્રસંગ ઉભો થશે. તેથી લક્ષણમાં એવું કહ્યું કે શબ્દજાતિ અને અર્થજાતિ બન્ધમાં વ્યવસ્થિત થાય અર્થાત્ ગોઠવાય ત્યારે કાવ્ય બને – द्विवचनेनात्र वाच्यवाचकजाति-द्वित्वमभिधीयते। व्यक्तिद्वित्वाभिधाने पुनरेकपदव्यवस्थितयोरपि काव्यत्वं स्यात्। આમ, શબ્દની પોતાની જાતિના બીજા શબ્દ સાથે અને અર્થનું પોતાની જાતિના બીજા અર્થ સાથે સ્પર્ધા થતી હોય તે સાહિત્ય છે. જેને ઉદાહરણ આપી કુન્તક સજાવે છે, જેમકે મહાકવિ કાલિદાસના કુમારસંભવમાં પાર્વતી દ્વારા ભિક્ષુરૂપધારી શિવને જે કહેવામાં આવે છે, તે द्वयं गतं संप्रति... એ પદ્યમાં શંકરવાચક હજારો શબ્દો હોવા છતાં પણ कपालिनः એ શબ્દ બીભત્સરસના આલંબન વિભાવનો વાચક બની ઘૃણાના રૂપમાં પ્રયુક્ત થઈ કોઈ અનિર્વચનીય શબ્દવક્રતાને ધારણ કરે છે. તેવી જ રીતે કાલિદાસના મેઘદૂતમાંથી ઉદ્ધૃત કરેલું – भर्तुर्मित्रं

પ્રિયમવિદ્યવે... એ પદ્ય સહૃદયોને આહ્લાદિત કરનાર સ્વભાવથી સુંદર અર્થની વક્રતાને રજૂ કરે છે. કુન્તક સાહિત્યનું લક્ષણ આપતાં કહે છે કે –साहित्यमनयोः शोभाशालितां प्रति काप्यसौ। अन्यूनानतिरिक्तत्वमनोहारिण्यवस्थितिः॥ (વક્રો.૧/૧૭) અર્થાત્ સૌંદર્ય દ્વારા પ્રશંસા પ્રાપ્ત કરવા માટે અર્થાત્ સહૃદયોને આહ્લાદિત કરવા માટે શબ્દ અને અર્થની સજાતીયની સાથે પરસ્પર સ્પર્ધાના કારણે અપકર્ષ અને ઉત્કર્ષથી રહિત કોઈ રમણીય (અલૌકિક) અવસ્થિતિ તે સાહિત્ય.

કુન્તકને શબ્દ અને અર્થનું એવું સમતોલન અભિપ્રેત છે, કે જે અન્યૂન અને અનતિરિક્ત હોય. કવિના ચિત્તમાં સ્ફુરિત થતાં અર્થને પ્રગટ કરવા માટે જો સમર્થ શબ્દ પ્રાપ્ત ન થાય તો અર્થ મૃતઃપ્રાય બને છે, તેવી રીતે શબ્દ પણ કાવ્યોચિત અર્થના અભાવમાં બીજા અર્થનો વાચક થતાં વાક્યને વ્યાધિરૂપ બને છે. એવું પ્રો.તપસ્વી નાન્દી સાહિત્યની વ્યાખ્યામાં જણાવે છે. (પૃ.૨૮૩)

**વક્રોક્તિ રૂપી અલંકાર અને તેનું સ્વરૂપ**

કુન્તક અનુસાર જો કે શબ્દ અર્થના સાહિત્યથી કાવ્ય બને છે, પરંતુ અપોદ્ધાર બુદ્ધિથી વિચાર કરીએ તો શબ્દ અને અર્થ પોતે અલંકાર્ય છે – અપોદ્ધૃત્ય અર્થાત્ નિષ્કૃષ્ય અલગ-અલગ સ્થાપિત કરીને. એટલે કે કાવ્યમાં અલંકાર અને અલંકાર્ય સમુદાયરૂપમાં એક-બીજા સાથે અન્તર્ભાવમાં રહેલા હોય છે. તેમાંથી પૃથક કરીને. ક્યા હેતુથી? કાવ્યનો ઉપાય હોવાને લીધે. અલંકાર અને અલંકાર્ય બંને કાવ્યમાં કારણરૂપ હોય છે, માટે તે બંનેને કાવ્યમાંથી કાઢીને અલગ-અલગ કરીને સામાન્ય તથા વિશેષ લક્ષણો દ્વારા તેમના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે. તેથી આ પ્રકારનો વિવેક અર્થાત્ વસ્તુઓને પૃથક-પૃથક કરીને તેમનું પરીક્ષણ કરવું તે કાવ્યવિવેચનનો ઉપાય બની જાય છે. જોવામાં આવે છે કે સમુદાયમાં રહેનારા અસત્યભૂત પદાર્થોનું પણ વ્યુત્પત્તિની દૃષ્ટિથી શાસ્ત્રોમાં અલગ-અલગ વિવેચન કરવામાં આવે છે. જેવી રીતે પદમાં રહેલા પ્રકૃતિ અને પ્રત્યયનું વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ વિવેચન તથા વાક્યમાં રહેલા પદોની મીમાંસા શાસ્ત્રની દૃષ્ટિએ વિવેચન કરવામાં આવે છે.

આમ, કાવ્યનો ઉપાય હોવાથી અસત્યભૂત પદાર્થો (અર્થાત્ અલંકાર અને અલંકાર્ય)નું અલગ-અલગ વિવેચન કરવામાં આવે છે, તો પછી સત્ય શું છે? તેના ઉત્તરમાં કહે છે કે – તત્ત્વતઃ અલંકારયુક્ત (શબ્દ અને અર્થ અર્થાત્ અલંકાર્ય)ની જ કાવ્યતા હોય છે. આનો અભિપ્રાય એ છે કે અલંકરણસહિત સંપૂર્ણ સમુદાયની અવયવહીન થવાથી કાવ્યતા અર્થાત્ કવિકર્મત્વ થાય છે. આથી અલંકૃત (શબ્દ અને અર્થ) જ કાવ્ય છે, નહીં કે કાવ્યનો અલંકાર સાથેનો યોગ. (અલંકારથી જ કાવ્યનું કાવ્યત્વ સિદ્ધ થાય છે, તેથી અલંકારને કાવ્ય(અલંકાર્ય)થી અલગ કરી શકાય જ નહીં, આથી કાવ્યનો અલંકાર સાથે યોગ થાય છે એવું કહેવું તે સર્વથા અનુચિત છે.), તે બંનેનો અલંકાર અર્થાત્ સૌંદર્યધાયક વક્રોક્તિ જ છે, એમ કહી કુન્તક વક્રોક્તિનું



Scanned with OKEN Scanner

સ્વરૂપ સમજાવે છે– વક્ર ઉક્તિ તે વક્રોક્તિ. શાસ્ત્ર અથવા લોકપ્રસિદ્ધ કથન કરતાં જુદી ઉક્તિ તે વક્રોક્તિ. જે વિદગ્ધતા અથવા કર્મકર્મની કુશળતા શોભતી હોય તેવી વિચિત્ર ઉક્તિ વક્રોક્તિ કહેવાય છે. वक्रोक्तिः प्रसिद्धाभिधानव्यतिरेकिणी विचित्रैवाभिधा॥ અર્થાત્ પ્રસિદ્ધ અભિધાનથી ભિન્ન એવી વિચિત્ર અભિધા વક્રોક્તિ છે. જે વૈદગ્ધ્યભંગી ભણિતિ છે – वैदग्ध्यभङ्गीभणितिः અહીં વૈદગ્ધ્ય એટલે કવિકર્મથી સિદ્ધ થતું કૌશલ, તેની ભંગી એટલે વિચ્છિત્તિ (શોભા), એવી શોભાવાળી ભણિતિ એટલે ઉક્તિ. આમ, કાવ્યકુશળતાની શોભાવાળી વિશિષ્ટ પ્રકારની ઉક્તિ તે વક્રોક્તિ છે. આ ઉક્તિ શોભાતિશયકારિણી હોવાથી શબ્દાર્થનો એકમાત્ર અલંકાર છે – शब्दार्थौ पृथगवस्थितौ केनापि व्यतिरिक्तेनालङ्करणेन योज्यते किन्तु वक्रतावैचित्र्ययोगितयाभिधा-नमेवानयोरलङ्कारः तस्यैव शोभातिशयकारित्वात्। આમ, વક્રતા અથવા વૈચિત્ર્યયુક્ત કથન જ શબ્દાર્થનો અલંકાર છે.

**સ્વભાવોક્તિની અલંકારિતાનું ખંડન**

વક્રોક્તિ જ શબ્દાર્થનો અલંકાર છે એવા સિદ્ધાન્તને સ્થાપિત કરતાં કુન્તક પ્રાચીન આચાર્યોએ જે સ્વભાવોક્તિ નામનો અલંકાર ગણાવ્યો છે, તેનું ખંડન કરે છે. તેઓ અલંકાર્ય અને અલંકારનો ભેદ સમજતા નથી. તો ખંડન કરવા તેઓ વિવિધ તર્ક પ્રસ્તુત કરે છે.

પદાર્થનો સ્વભાવ અથવા પદાર્થનો ધર્મ જ સ્વભાવોક્તિ છે, જે કાવ્યશરીર છે, આથી કાવ્યશરીર હોવાથી તે અલંકાર્ય થશે, અલંકાર કેવી રીતે થઈ શકે? સ્વભાવનું કથન તો સ્થૂળ વિગત છે. સ્વભાવવર્ણન કર્યા સિવાય કોઈ પણ વસ્તુનું નિરૂપણ કેવી રીતે કરી શકાય? આમ, કાવ્યશરીર સ્વભાવથી જુદું કહી શકાય નહિં, કારણ કે જેના દ્વારા કોઈનું કથન અને જ્ઞાન થાય તે ભાવ છે, પોતાના ભાવને સ્વભાવ કહે છે – भवतोऽस्माद् अभिधानप्रत्ययौ इति भावः, स्वस्य आत्मनो भावः स्वभावः। સ્વભાવ વગરની વસ્તુ શબ્દનો વિષય બનતી નથી. અર્થાત્ પદાર્થનો સ્વભાવ જ શબ્દનો વિષય બને છે, આમ સ્વભાવ અલંકાર્ય થયો. જો તેને અલંકાર માનીએ તો ગાડાવાળાનાં વાક્યો પણ અલંકારયુક્ત થવા લાગે અને તેને કાવ્ય ગણવાનો પ્રસંગ ઉભો થાય.

જો સ્વભાવોક્તિને અલંકાર માનીએ તો અલંકાર્ય શું રહે? કારણ કે સ્વભાવ જ વર્ણ્ય બને તો એને શરીર કહી શકાય, આ શરીર બીજા કોને શોભાવશે? જો એમ કહીએ કે પોતે જ પોતાને અલંકૃત કરે છે, તો તે શક્ય નથી. કારણ કે શરીર પોતે ખભા પર કેવી રીતે ચડી શકે? આ તો પોતાનામાં જ ક્રિયાવિરોધ થયો.

કુન્તક કહે છે કે જો સ્વભાવોક્તિને ક્ષણભર અલંકાર માનીએ તો તે સર્વત્ર રહેલો જ હોય છે આ સ્થિતિમાં બીજો અલંકાર જ્યારે ત્યાં પ્રયુક્ત થશે ત્યારે બે સ્વતંત્ર અલંકારો સ્પષ્ટ થતાં સંસૃષ્ટિ બનશે. અથવા બે અલંકારો સ્પષ્ટ ન જણાય તો સંકર અલંકાર થશે. આથી શુદ્ધ

ISSN 2250-3064

સ્વભાવોક્તિ નહિં થાય અને અન્ય અલંકારો પણ નિરવકાશ થઈ જશે. આથી સ્વભાવોક્તિને અલંકાર ગણવો યોગ્ય નથી, તે અલંકાર્ય જ છે.

**કવિવ્યાપારવક્રતાના પ્રકાર**

કુન્તક અનુસાર કવિવ્યાપારની વક્રતાના મુખ્ય છ પ્રકાર છે અને તેના ભેદોપભેદો ઘણાં છે. આ છ પ્રકાર આ પ્રમાણે છે- (૧) વર્ણવિન્યાસવક્રતા, (૨) પદપૂર્વાર્ધવક્રતા, (૩) પ્રત્યયાશ્રયવક્રતા, (૪) વાક્યવક્રતા, (૫) પ્રકરણવક્રતા અને (૬) પ્રબન્ધવક્રતા. વર્ણવિન્યાસવક્રતામાં વર્ણયોજનાનું સૌંદર્ય પ્રતિપાદિત થાય છે. વર્ણરચના કુન્તકના મત પ્રમાણે રસગત ઔચિત્યવાળી હોવી જોઈએ નહિં કે અનુપ્રાસના મોહવાળી. વર્ણવિન્યાસવક્રતા વડે કુન્તકે પ્રાચીન આલંકારિકો દ્વારા સ્વીકૃત અનુપ્રાસ, યમક વગેરે શબ્દાલંકારોનું ગ્રહણ કરી લીધું છે. પદપૂર્વાર્ધવક્રતા એટલે પદના પૂર્વભાગ, મૂળ શબ્દ અથવા પ્રકૃત્યંશ વિષેની વક્રતા. પ્રત્યયવક્રતામાં પદના પરાર્ધ એટલે પ્રત્યયાંશની રમણીયતા અભિપ્રેત છે. તેમાં કાલ, કારક, વચન, પુરુષ, ઉપગ્રહ અને પ્રત્યયમાલાની વક્રતા અભિપ્રેત છે. આ ઉપરાંત ઉપસર્ગ અને નિપાતની વક્રતાનું પણ પ્રતિપાદન તેમાં કર્યું છે. ત્રીજા ઉન્મેષમાં કુન્તક વાક્યવક્રતાનું નિરૂપણ કરે છે. જેમાં બધા જ અર્થાલંકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વર્ણવિન્યાસવક્રતા, પદપૂર્વાર્ધ અને પદપરાર્ધવક્રતામાં વાચક-શબ્દગતવક્રતાનો સમાવેશ થયો. વાચ્ય-અર્થવક્રતા વાક્યવક્રતાના સંદર્ભમાં સમાવિષ્ટ થઈ જાય છે. આમ, શરૂઆતમાં વર્ણનીય વસ્તુ અને અર્થની વક્રતાનો વિચાર કરી વસ્તુના વિભાજન અને વિનિયોગનો વિચાર કુન્તક પ્રસ્તુત કરે છે. જડ-ચેતન વગેરેમાં વહેંચાયેલો વસ્તુનો વિનિયોગ રસલક્ષી રીતે પ્રસ્તુત કર્યો છે. ત્યારબાદ અલંકારોની ચર્ચા કુન્તક કરે છે. ઉપર્યુક્ત છ પ્રકારની વક્રતાની અને તેના ભેદોની ચર્ચા અગાઉ વિસ્તૃત રીતે કરવામાં આવી છે. આમ, છ પ્રકારોમાં કુન્તક શબ્દચયન અને પદના અંશથી માંડીને પ્રબન્ધ સુધી પ્રકટતી કવિવ્યાપારની વિવિધ છટાઓનો ઉલ્લેખ કરે છે.

આચાર્ય કુન્તક ગ્રંથકારોની પરંપરા મુજબ વક્રોક્તિજીવિતમ્ ની કારિકાઓની વૃત્તિ લખતાં પહેલાં - जगत्त्रितयवैचित्र्यचित्रकर्मविधायिनम्। शिवं शक्तिपरिस्पन्दमात्रोपकरणं नुमः॥ એ મંગલ શ્લોક વડે ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે પરમ શિવની વંદના કરે છે. ત્યારબાદ ગ્રંથની ઉપાદેયતા અભિવ્યક્ત કરી પ્રથમ કારિકામાં વાગ્દેવતા-સરસ્વતીની વંદના કરે છે. બીજી કારિકામાં તેઓ ગ્રંથનું અભિધાન, અભિધેય અને પ્રયોજનનું પ્રતિપાદન કરે છે. અલંકૃત શબ્દ અને અર્થ જ કાવ્ય હોય છે, તેનું વિવેચન કરી સાતમી કારિકામાં કાવ્યલક્ષણ પ્રસ્તુત કરે છે - शब्दार्थौ सहितौ वक्रकविव्यापारशालिनि। बन्धे व्यवस्थितौ काव्यं तद्विदाह्लादकारिणि॥ અર્થાત્ સહૃદયોને આનંદ કરનાર, વક્રવ્યાપારથી સુશોભિત એવા વાક્યવિન્યાસમાં શબ્દ અને અર્થ ભેગા મળે તે કાવ્ય કહેવાય છે. આ કાવ્યલક્ષણની વ્યાખ્યા રૂપે સંપૂર્ણ ગ્રંથ પ્રસ્તુત થયો છે. શબ્દ અને અર્થના



Scanned with OKEN Scanner

સાહિત્યની ચર્ચા કરી વક્રોક્તિના સ્વરૂપને સ્પષ્ટ કરે છે. વક્રોક્તિ જ એક માત્ર અલંકાર છે એવા સિદ્ધાન્તને સ્થાપિત કરી સ્વભાવોક્તિની અલંકારિતાનું ખંડન પ્રસ્તુત કરે છે ત્યારબાદ કવિવ્યાપારની વક્રતાના મુખ્ય છ ભેદો પ્રસ્તુત કરે છે, જે આ પ્રમાણે છે –

(૧) **વર્ણવિન્યાસવક્રતા**

વર્ણોનો વિન્યાસ વર્ણવિન્યાસ. અક્ષરોની વિશેષ પ્રકારની ગોઠવણી જ વર્ણવિન્યાસ છે. તેની વક્રતા અર્થાત્ વક્રભાવ અર્થાત્ પ્રસિદ્ધ પ્રસ્થાનથી ભિન્ન વૈચિત્ર્યથી ઉપનિબદ્ધ એટલે કે સન્નિવેશ વિશેષથી યુક્ત સહૃદયો માટે આહ્લાદકારી શબ્દશોભાની અતિશયતાને જ વર્ણવિન્યાસવક્રતા કહેવામાં આવે છે. તેની વિશિષ્ટ પરિભાષા આચાર્ય કુંતકે બીજા ઉન્મેષમાં જણાવી છે જેમકે – एको द्वौ बहवो वर्णाः बध्यमानाः पुनः पुनः। स्वल्पान्तरास्त्रिधा सोक्ता वर्णविन्यासवक्रता॥ वर्णान्तयोगिनः स्पर्शा द्विरुक्तास्त-ल-नादयः। शिष्टाश्च रादिसंयुक्ताः प्रस्तुतौचित्यशोभिनः॥ (वक्रो.२/१-२) ઉદાહરણ જેમકે –

**प्रथममरुणच्छायस्तावत्ततः कनकप्रभ-**
**स्तदनु विरहोत्ताम्यत्तन्वीकपोलतलद्युतिः।**
**प्रसरति ततो ध्वान्तध्वंसक्षमः क्षणदामुखे**
**सरसबिसिनीकन्दच्छेदच्छविर्मृगलाञ्छनः॥**

**अन्वयः** – क्षणदामुखे प्रथमम् अरुणच्छायः ततः तावत् कनकप्रभः तदनु विरहोत्ताम्यत्तन्वीकपोलतलद्युतिः ततः सरसबिसिनीकन्दच्छेदच्छविः ध्वान्तक्षोदक्षमः मृगलाञ्छनः प्रसरति।

અર્થાત્ રાત્રિની શરૂઆતમાં પ્રથમ અરુણકાંતિથી યુક્ત, પછી સુવર્ણ જેવી પ્રભાવાળો, ત્યાર પછી વિરહથી વ્યાકુળ તન્વી(કૃશાંત)ના કપોલતલની દ્યુતિ જેવો, તે પછી સરસ કમલિનીના કંદના ટુકડાઓની જેમ સુંદર, અંધકારને નષ્ટ કરવામાં સમર્થ એવો ચંદ્રમા ઉદય થઈ રહ્યો છે.

કે પછી –

**કાજળ ભરેલ નયનના કામણ મને ગમે છે,**
**કારણ નહિ જ આપું કારણ મને ગમે છે.**

અથવા –

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ, એથી મીઠી છે મારી માત રે... જનનીની જોડ સખી...

(૨) **પદપૂર્વાર્ધવક્રતા**

સુબન્ત પદનું પ્રાતિપદિક રૂપ અથવા તિઙન્ત પદનું જે ધાતુરૂપ છે, તેની વક્રતા–વક્રભાવ અર્થાત્ વિશેષ પ્રકારની ગોઠવણી (વિન્યાસ)નું વૈચિત્ર્ય (હોય ત્યાં પદપૂર્વાર્ધવક્રતા). જેમકે

ઉદાહરણ - रामोऽस्मि सर्वं सहे॥ (રામ છું, બધું જ સહન કરીશ. મહાનાટક(૫/૭)નું સંપૂર્ણ પદ્ય રૂઢિવૈચિત્ર્યવક્રતાના પ્રથમ પ્રકારમાં વર્ણવેલ છે.)

અથવા -

**"કોઈ કહે ઝેર છે વીંછીના ડંખમાં,**
**કોઈ કહે ઝેર છે સાપણના મુખમાં,**
**કોઈ કહે ઝેર છે અફીણના કેફમાં,**
**કોઈ કહે ઝેર છે હડકાયા શ્વાનમાં,**
**કોઈ કહે ઝેર છે ઝાઝુ માણસના જીભમાં."**
**તેના પણ અનેક ભેદો સંભવે છે.**

- **રૂઢિવૈચિત્ર્યવક્રતા-**

જ્યાં રૂઢિ શબ્દનો જ પ્રસ્તાવ અર્થાત્ પ્રકરણને અનુરૂપ વાચ્યરૂપમાં પ્રસિદ્ધ ધર્મથી ભિન્ન ધર્મનો અધ્યારોપનો આધાર લઈને નિબન્ધન કરવામાં આવે તે પદપૂર્વાર્ધવક્રતાનો પ્રથમ ભેદ છે. જેમકે-

**स्निग्धश्यामलकान्तिलिप्तवियतो वेल्लद्बलाका घनाः**
**वाताः शीकरिणः पयोदसुहृदामानन्दकेकाः कलाः।**
**कामं सन्तु दृढं कठोरहृदयो रामोऽस्मि सर्वं सहे**
**वैदेही तु कथं भविष्यति हहा हा देवि धीरा भव॥**

**अन्वयः** - स्निग्ध-श्यामल-कान्ति-लिप्त-वियतः वेल्लद्बलाकाः घनाः (कामं), शीकरिणः वाताः (कामं), पयोदसुहृदाम् आनन्तकेकाः कलाः कामं सन्तु, दृढं कठोरहृदयः रामः अस्मि, सर्वं सहे, तु हहा हा वैदेही कथं भविष्यति, देवि! धीरा भव।

અર્થાત્ સ્નિગ્ધ તથા શ્યામલ આભાથી આકાશને વ્યાપ્ત કરનાર તથા ક્રીડા કરતી બગલાની પંક્તિઓ વાળો મેઘ (ભલે હોય), જલબિંદુઓથી યુક્ત વાયુ (ભલે વહે), મેઘોના મિત્ર મયૂરોનો આનંદદાયક કેકારવ તથા કળાઓ (ભલે થાય), હું તો અત્યંત દઢ કઠોર હૃદયવાળો રામ છું, બધું જ સહન કરી લઈશ, પરંતુ અરેરે! સીતા કેવી રીતે જીવિત રહેશે, હે દેવી! ધૈર્ય ધારણ કરો.

અથવા જેમ - ધરણી સૂતા ધીરજ ધરો... વાક્યમાં રૂઢિવૈચિત્ર્યવક્રતા પ્રગટ થાય છે.

- **રૂઢિવૈચિત્ર્યવક્રતાનો બીજો ભેદ**

રૂઢિવૈચિત્ર્યવક્રતાનો બીજો ભેદ કે - જ્યાં સંજ્ઞા શબ્દના તેના વાચ્યરૂપમાં પ્રસિદ્ધ ધર્મના લોકોત્તર અતિશયનો આધાર ગ્રહણ કરીને પ્રયોગ કરવામાં આવે ત્યાં રૂઢિવૈચિત્ર્યવક્રતાનો બીજો પ્રકાર થાય છે. જેમકે-



Scanned with OKEN Scanner

**रामोऽसौ भुवनेषु विक्रमगुणैः प्राप्तः प्रसिद्धिं परा-**

**मस्मद्भाग्यविपर्ययाद्यदि परं देवो न जानाति तम्।**

**वन्दीवैष यशांसि गायति मरुद्यस्यैकबाणाहति-**

**श्रेणीभूतविशालतालविवरोद्गीर्णैः स्वरैः सप्तभिः ॥**

**अन्वयः** - असौ रामः भुवनेषु विक्रमगुणैः, परां प्रसिद्धिं प्राप्तः, अस्मद्भाग्यविपर्ययात् यदि तं परं देवः न जानाति। बन्दी इव एष मरुद् यस्य एकबाणाहतिश्रेणीभूतविशालविवरोद्गीर्णैः सप्तभिः स्वरैः यशांसि गायति।

અર્થાત્ આ રામ પોતાના પરાક્રમ વગેરે ગુણો દ્વારા અત્યંત પ્રસિદ્ધિને પ્રાપ્ત થઈ ગયા છે. પણ આપણું એ દુર્ભાગ્ય છે કે આપ એ મહાન દેવને નથી જાણતા. એક જ બાણના પ્રહારથી ક્ષત થયેલા પંક્તિમાં સ્થિત વિશાળ (સાત) તાલવૃક્ષોના છિદ્રોમાંથી નીકળેલા સાત સ્વરોથી આ વાયુ બંદીની જેમ જેના યશનું ગાન કરી રહ્યો છે.

(૩) **પ્રત્યયાશ્રયવક્રતા**

પદપૂર્વાર્ધવક્રતાનો અન્ય ભેદ પર્યાયવક્રતા છે. જ્યાં અનેક શબ્દો દ્વારા અભિધેયતા સંભવ હોવા છતાં કોઈ પર્યાયવાચી શબ્દનો પ્રકરણને અનુકૂળ પ્રયોગ કરવામાં આવે ત્યાં (પર્યાયવક્રતા થાય છે. જેમકે-

**वामं कज्जलवद्विलोचनमुरो रोहद्विसारिस्तनं**

**मध्यं क्षाममकाण्ड एव विपुलाभोगा नितम्बस्थली।**

**सद्यः प्रोद्गतविस्मयैरिति गणैरालो यमानं मुहुः**

**पायाद्वः प्रथमं वपुः स्मररिपोर्मिश्रीभवत्कान्तया ॥**

**अन्वयः** - कज्जलवत् वामं विलोचनम्, रोहद् विसारिस्तनम् उरः, अकाण्ड एव क्षामं मध्यम्, विपुलाभोगा नितम्बस्थली, सद्यः प्रोद्गतविस्मयैः इति गणैः मुहुः आलो यमानं मिश्रीभवत् कान्तया स्मररिपोः वपुः प्रथमं वः पायात्।

અર્થાત્ કાજળથી યુક્ત વામનેત્રવાળા, વિકસિત થતા વિશાળ સ્તનથી યુક્ત વક્ષઃસ્થળવાળા, એકાએક જ ક્ષીણ થઈ ગયેલા મધ્યભાગથી યુક્ત તથા મોટા મોટા વિસ્તારવાળી નિતંબસ્થલીથી યુક્ત, તત્કાલ પેદા થનારા વિસ્મયવાળા શંકરના ગણો દ્વારા પ્રથમવાર વારંવાર નિહાળવામાં આવતું, કાન્તા(પાર્વતી)ના (શરીર) સાથે મિશ્રિત થયું, સ્મરશત્રુ (ભગવાન શંકર)નું શરીર આપ સર્વનું રક્ષણ કરો.

અથવા - "ઉઘડીક ઊઠ્યા વેગે વૈકુંઠપતિ..."

- **ઉપચાર વક્રતા** - પદપૂર્વાર્ધવક્રતાનો ઉપચારવક્રતા નામનો ચોથો ભેદ પણ છે. જ્યાં

અમૂર્ત વસ્તુનું મૂર્તદ્રવ્યનું અભિધાન કરનારા શબ્દ વડે ઉપચાર (સાદૃશ્ય) દ્વારા અભિધાન કરવામાં આવે ત્યાં (ઉપચારવક્રતા) થાય છે. જેમ કે- કારણ વગર જ માનહાનિની કણિકા પણ (અર્થાત્ થોડી માનહાનિ પણ) મનસ્વી પુરુષોના મનને દુઃખી કરે છે. અને જેમ - हस्तावचेयं यशः (હાથ દ્વારા એકત્રિત કરવા યોગ્ય યશ.) અથવા- તને મેં ઝંખી'તી, યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

- **વિશેષણવક્રતા** - પદપૂર્વાર્થવક્રતાનો પાંચમો ભેદ વિશેષણવક્રતા છે, જ્યાં વાક્યમાં વિશેષણના માહાત્મ્યથી જ કાવ્યમર્મજ્ઞોને આહ્લાદ કરનારી વક્રતા અભિવ્યક્ત થાય છે, (ત્યાં વિશેષણવક્રતા થાય છે.) જેમકે -

**दाहोऽम्भः प्रसृतिंपचः प्रचयवान् बाष्पः प्रणालोचितः**

**श्वासाः प्रेङ्खितदीप्रदीपलतिकाः पाण्डिम्नि मग्नं वपुः ।।**

**किञ्चान्यत्कथयामि रात्रिमखिलां त्वन्मार्गवातायने**

**हस्तच्छत्त्रनिरुद्धचन्द्रमहसस्तस्याः स्थितिर्वर्तते ।।**

**अन्वयः** - दाहः अम्भःप्रसृतिम्पचः, वाष्पः प्रचयवान् प्रणालोचितः, श्वासाः प्रेङ्खितदीप्रदीपलतिकाः, वपुः पाण्डिम्नि मग्नम्, किं च अन्यत् कथयामि, अखिलां रात्रिं त्वन्मार्गवातायने हस्तच्छत्त्रनिरुद्धचन्द्रमहसः तस्याः स्थितिः वर्तते।

અર્થાત્ વિરહનો દાહ જલથી પ્રસૃતિને (પાણીના પ્રસારને) ધગધગતો કરી મૂકે છે, જેનાથી વરાળ વધારે પડતી એકઠી થઈને પર્નાલ દ્વારા બહાર કાઢવા યોગ્ય થઈ ગઈ છે. શ્વાસો પ્રજ્વલિત દીવાની જ્યોતને દોલાયમાન કરનારા છે. સમગ્ર શરીર પાંડિમાં ડૂબી ગયું છે, વધારે શું કહ્યું? તે તારા માર્ગના ઝરોખા પર હાથને છત્ર બનાવીને ચાંદની રોકીને વિતાવી રહી છે.

- **સંવૃતિવક્રતા** - આ પદપૂર્વાર્ધવક્રતાનો છઠ્ઠો ભેદ છે, જેને સંવૃતિવક્રતા કહે છે, જ્યાં પ્રસ્તાવ(પ્રકરણ)ને અનુકૂળ કોઈ ન્યૂનતા અથવા આધિક્યથી યુક્ત તથા વ્યક્તરૂપથી સાક્ષાત્ કહેવા માટે અશક્ય પદાર્થના સ્વરૂપને સંવૃતિ(સંવરણ) કરી લેવાના સામર્થ્યને લીધે ઉપયોગી શબ્દ દ્વારા કહેવામાં આવે છે. (ત્યાં સંવૃતિવક્રતા થાય છે.) જેમકે-

**चक्षुर्यस्य तवाननादपगतं नाभूत् क्वचिन् निर्वृतं**

**येनैषा सततं त्वदेकशयनं वक्षःस्थली कल्पिता ।**

**येनोद्भासितया विना बत जगच्छून्यं क्षणाज्जायते**

**सोऽयं दम्भधृतव्रतः प्रियतमे कर्तुं किमप्युद्यतः ।।**

અર્થાત્ જેના નેત્રોને તારા મુખ પરથી દૂર થતાં બીજે કશું જ સુખ મળ્યું નથી, જેને પોતાની વક્ષઃસ્થલીને કેવળ તારા જ શયન માટે કલ્પિત કરી હતી તથા જેની ઉપસ્થિતિના વિના



Scanned with OKEN Scanner

તારા માટે સમગ્ર સંસાર ક્ષણભરમાં શૂન્ય થઇ જતો હતો, હે પ્રિયતમ! તે આ દંભથી (એકપત્ની) વ્રત ધારણ કરનાર (તારો પ્રિયતમ ઉદયન) આજે કંઇક (પદ્માવતીને પત્નીરૂપે સ્વીકાર) કરવા માટે તૈયાર થયો છે.

અથવા જેમકે - "મારો હિસાબ વિધિ પાસન મોટો, જીવ્યો મરીશ જેમ તારક ખરે."

- વૃત્તિવૈચિત્ર્યવક્રતા- પદપૂર્વાર્ધવક્રતાનો એક અન્ય પ્રકાર વૃત્તિવૈચિત્ર્યવક્રતાના નામથી સંભવે છે. જ્યાં કવિઓ (અનેક સમાસ તદ્ધિત વગેરે) વૃત્તિઓમાંથી (અપૂર્વ ચમત્કાર પેદા કરનારી) કેટલીક જ વિચિત્ર વૃત્તિઓનું ગ્રહણ કરે છે, ત્યાં વૃત્તિવૈચિત્ર્યવક્રતા બને છે. જેમકે-

**मध्येऽङ्कुरं पल्लवाः॥**

यथा च-

**पाण्डिम्नि मग्नं वपुः॥**

અંકુરોના મધ્યમાં પલ્લવો છે. (આ ઉદાહરણમાં अङ्कुराणां मध्ये इति मध्येऽङ्कुरः આ પ્રકારના અવ્યયીભાવ સમાસની વૃત્તિના પ્રયોગથી કવિએ અપૂર્વ ચમત્કાર ઉત્પન્ન કર્યો છે. જ્યારે અહીં अङ्कुरमध्ये વગેરે પ્રયોગથી તત્પુરુષ સમાસવૃત્તિનો પણ પ્રયોગ થઇ શકતો હતો આથી અહીં વૃત્તિવૈચિતત્ર્યવક્રતા છે.)

અને બીજું એક ઉદાહરણ - પાંડુતામાં શરીર ડૂબેલું છે. (અહીં જો કે કવિ पाण्डिम्नि ની જગ્યાએ पाण्डुतायाम् શબ્દનું ગ્રહણ કરી શકતા હતા, પરંતુ તેમણે इमनिच् પ્રત્યયાંત શબ્દના પ્રયોગથી વિશિષ્ટ તદ્ધિતવૃત્તિનો પ્રયોગ કરીને અલૌકિક ચમત્કારને ઉત્પન્ન કર્યો છે, તેથી અહીં પણ વૃત્તિવૈચિત્ર્યવક્રતા છે.)

- લિંગવૈચિત્ર્યવક્રતા - પદપૂર્વાર્ધવક્રતાનો અન્ય લિંગવૈચિત્ર્ય નામનો ભેદ જોવા મળે છે. જ્યાં કવિઓ દ્વારા ભિન્ન ભિન્ન લિંગવાળા શબ્દોના ચમત્કારની સૃષ્ટિ માટે સમાન અધિકરણથી ઉપનિબન્ધ કરવામાં આવે છે, ત્યાં લિંગવૈચિત્ર્યવક્રતા બને છે. જેમકે-

**इत्थं जडे जगति को नु बृहत्प्रमाण-**
**कर्णः करी ननु भवेद्ध्वनितस्य पात्रम्॥**

अन्वयः - इत्थं जडे जगति बृहत्प्रमाणकर्णः करी कः नु ध्वनितस्य पात्रं ननु भवेत्।

અર્થાત્ આ પ્રકારના જડ સંસારમાં મોટા મોટા કાનવાળા અને સૂંઢવાળા હાથીથી વધારે બીજો કોણ મારા ધ્વનિને સાંભળવામાં સમર્થ હોઇ શકે છે?

- ક્રિયાવૈચિત્ર્યવક્રતા - પદના પૂર્વાર્ધ ધાતુનો ક્રિયાવૈચિત્ર્યવક્રતા નામનો પદપૂર્વાર્ધવક્રતાનો



Scanned with OKEN Scanner

અન્ય ભેદ પણ છે. જ્યાં ક્રિયાની વિચિત્રતાનું પ્રતિપાદન કરવા માટે કવિઓ ચાતુર્યપૂર્ણ (કવિકૌશલની) શોભાથી યુક્ત રમણીય (ક્રિયાપદોના) પ્રયોગ કરે છે. ત્યાં ક્રિયાવૈચિત્ર્ય અનેક પ્રકારની શોભાથી વિસ્તૃત વ્યવહારના રૂપમાં જોવા મળે છે. જેમકે-

**स्वेच्छाकेसरिणः स्वच्छस्वच्छायायासितेन्दवः ॥**

**त्रायन्तां वो मधुरिपोः प्रपन्नार्तिच्छिदो नखाः ॥**

અર્થાત્ પોતાની ઇચ્છાથી સિંહનું રૂપ ધારણ કરનારા, મધુ નામના રાક્ષસના શત્રુ ભગવાન વિષ્ણુના સ્વચ્છકાંતિથી ચંદ્રમાનો તિરસ્કાર કરનારા, દુઃખી વ્યક્તિઓના દુઃખને નષ્ટ કરનારા નખો આપ સૌનું રક્ષણ કરો.

આ ઉપરાંત પદપૂર્વાર્ધવક્રતાના પદમધ્યવર્તીવક્રતા, ભાવવૈવિધ્યવક્રતા, લિંગવક્રતા, ક્રિયાવૈચિત્ર્યવક્રતા વગેરે અને પદપરાર્ધવક્રતાના કાલવૈચિત્ર્યવક્રતા, કારકવક્રતા, વચનવક્રતા, પુરુષવક્રતા, ઉપગ્રહવક્રતા, પ્રત્યયવક્રતા, ઉપસર્ગવક્રતા વગેરે જેવા અવાંતર ભેદો થાય છે.

**(૪) વાક્યવક્રતા**

વાક્યની વક્રતા પદાદિવક્રતાથી ભિન્ન છે, અલગ છે. આ વક્રતાના હજારો ભેદો હોઈ શકે છે. આ વક્રતામાં અલંકારોનો સંપૂર્ણ સમુદાય સમાઈ જાય છે. તેની પરિભાષા આચાર્ય કુંતક ૨૦મી કારિકામાં જણાવે છે – वाक्यस्य वक्रभावोऽन्यो भिद्यते यः सहस्रधा। यत्रालङ्कारवर्गोऽसौ सर्वोऽप्यन्तर्भविष्यति।।

ઉદાહરણ તરીકે –

**उपस्थितां पूर्वमपास्य लक्ष्मीं वनं मया सार्धमसि प्रपन्नः ।**

**त्वमाश्रयं प्राप्य तया नु कोपात्सोढास्मि न त्वद्भवने वसन्ती ॥**

**અન્વયઃ** – पूर्वम् उपस्थितां लक्ष्मीम् अपास्य त्वं मया सार्धं वनं प्रपन्नः असि। त्वाम् आश्रयं प्राप्य त्वद्भवने वसन्ती तया नु कोपात् न सोढा अस्मि।

અર્થાત્ પહેલા ઉપસ્થિત થયેલી રાજ્યલક્ષ્મીને છોડીને તમે મારી સાથે વનમાં આવ્યા હતાં. હવે એ રાજ્યલક્ષ્મી તમારો આશ્રય મેળવીને તમારી સાથે મારું હોવું સહન નથી કરી શકતી.

અથવા જેમકે – **"ફાગણના વાયરે આવ્યા જોબનિયાં, વૈશાખી વાયરે ઊડી જતાં..."**

**(૫) પ્રકરણવક્રતા અને (૬) પ્રબન્ધવક્રતા**

પ્રકરણવક્રતા અને પ્રબન્ધવક્રતા સ્વાભાવિક પણ હોય શકે અને આહાર્ય પણ હોય શકે. અર્થાત્ પ્રકરણ કે પ્રબન્ધની વક્રતા સ્વાભાવિક રીતે પણ ઉત્પન્ન થાય છે અને પ્રયત્નપૂર્વક પણ ઉત્પન્ન થાય છે. તે વક્રતાની બે વિશેષતાઓ છે – સુકુમારતા અને મનોહારિતા. અર્થાત્ આ વક્રતા કોમળ અને મનોહર હોય છે.

ISSN 2250-3064

Scanned with OKEN Scanner

**वक्रभावः प्रकरणे प्रबन्धेऽप्यस्ति यादृशः।**
**उच्यते सहजाहार्यसौकुमार्यमनोहरः॥२१॥**

જેમકે-

**प्रयुज्य सामाचरितं विलोभनं भयं विभेदाय धियः प्रदर्शितम्।**
**तथाभियुक्तं च शिलीमुखार्थिना यथेतरन्न्याय्यमिवावभासते॥७१॥**

પ્રકરણવક્રતા જેમકે - अभिज्ञानशाकुन्तलम् નું દુર્વાસાશાપપ્રસંગ પ્રકરણ, માનવીની ભવાઈનું ભૂખીભૂતાવળ પ્રકરણ વગેરે. આ પ્રકરણવક્રતામાં પણ ઘણા ભેદો થાય છે, જેમકે-પાત્રપ્રવૃત્તિવક્રતા, ઉપપાદ્યકથાવક્રતા, ઉપકાર્યોપકારવક્રતા, આવૃત્તિવક્રતા, પ્રાસંગિકપ્રકરણ વક્રતા, પ્રકરણરસવક્રતા, અવાંતરવસ્તુવક્રતા, નાટ્યાંતર્ગતનાટ્યવક્રતા વગેરે.

પ્રબન્ધવક્રતાની પરિભાષા કરતાં કુન્તક લખે છે કે - इतिवृत्तान्यथावृत्तरससम्पदपेक्षया। रसान्तरेण रम्येण यत्र निर्वहणं भवेत्। तस्या एव कथा मूर्तेरामूलोन्मीलितश्रियः। विनेयानन्दनिष्पत्त्यै सा प्रबन्धस्य वक्रता॥ જ્યાં કવિ ઈતિવૃત્તની રસસંપત્તિથી ભિન્ન સહૃદયોના આનંદ માટે નવીનરસને પ્રસ્તુત કરે છે, ત્યાં પ્રથમ પ્રકારની પ્રબન્ધવક્રતા બને છે. જેમકે મહાભારત પર આધારિત વેણીસંહાર અને રામાયણ પર આધારિત ઉત્તરરામચરિત. જ્યાં કવિ ઈતિવૃત્તની સંપૂર્ણ કથાનો પ્રારંભ કરે છે, પરંતુ તેની સમાપ્તિ ઈતિવૃત્તના એક ભાગથી કરી દે છે, ત્યાં બીજા પ્રકારની પ્રબન્ધવક્રતા બને છે- જેમકે કિરાતાર્જુનીય મહાકાવ્ય. જ્યાં કવિ પ્રધાન કથાવસ્તુના આધિકારિક ફળની સિદ્ધિના ઉપાયને તિરોહિત કરી દે છે, પરંતુ તે જ કાર્યાન્તરથી પ્રધાન કાર્યની સિદ્ધિ કરાવી દે છે, ત્યાં ત્રીજા પ્રકારની વક્રતા બને છે- જેમકે શિશુપાલવધ મહાકાવ્ય. જ્યાં કવિ એક જ ફળની પ્રાપ્તિમાં લાગેલા નાયકોને સમાન અન્ય ફળપ્રાપ્તિમાં જોડી દે, ત્યાં ચોથા પ્રકારની પ્રબન્ધવક્રતા બને છે- જેમકે નાગાનન્દ નાટકમાં નાયક જીમૂતવાહનને અનેક ફળની પ્રાપ્તિ. જ્યાં કવિ નામકરણથી જ પ્રબન્ધની કથા યોજના પ્રસ્તુત કરી દે છે, ત્યાં પાંચમાં પ્રકારની પ્રબન્ધવક્રતા બને છે- જેમકે અભિજ્ઞાનશાકુન્તલ, મુદ્રારાક્ષસ વગેરે. જ્યાં કવિ નવા નવા શબ્દો, અલંકારોથી મૂળ કથાનકથી સર્વથા ભિન્ન બનાવે છે, તે બધા કવિઓની રચનામાં પ્રબન્ધવક્રતા હોય જ છે, જેમકે રામાયણની કથા પર આધારિત રામાભ્યુદય, ઉદાત્તરાઘવ, વીરચરિત, બાલરામાયણ વગેરે.

આ સિવાય પણ પ્રબંધવક્રતા જેમકે- મહાભારતની વક્રતા - ''જગતમાં વેરઝેર કદી વેરઝેરથી શમ્યા નથી.'' અથવા જેમકે- માનવીની ભવાઈની વક્રતા- ''માનવી ભૂંડો નથી, ભૂખ ભૂંડી છે, અને ભૂખથીય ભૂંડી ભીખ છે.'' વગેરેમાં દૃષ્ટિગોચર થાય છે. વળી, પ્રબંધવક્રતાના પણ અવાંતર ભેદો છે, જેમકે- રસપરિવર્તનવક્રતા, સમાપનવક્રતા, કથાવિચ્છેદવક્રતા, આનુષંગિકફલવક્રતા, નામકરણવક્રતા, તૂલ્યકથાવક્રતા વગેરે.

આ છ પ્રકારની વક્રતાઓનું સામાન્ય નિરૂપણ-વિશ્લેષણ પ્રથમ ઉન્મેષમાં કરવામાં આવ્યું છે. વિશેષ વિશ્લેષણ દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ઉન્મેષમાં કરવામાં આવ્યું છે. કાવ્યલક્ષણની વ્યાખ્યા કરતાં આગળ કાવ્યબન્ધના સ્વરૂપનું વર્ણન કરી તદ્વિદાહ્લાદકારિત્વનું નિરૂપણ કરવામાં આવ્યું છે. કુન્તકના મતે તદ્વિદાહ્લાદકારિત્વ સહૃદયસંવેદ્ય હોય છે, કે જે શબ્દ, અર્થ અને વક્રોક્તિ એ ત્રણેયના ઉત્કર્ષથી ભિન્ન ઉત્કર્ષવાળું હોય છે. ત્યારબાદ કુન્તક માર્ગ-ગુણ વિવેચન પ્રસ્તુત કરે છે, જે અંતર્ગત તેઓ ગૌડ, વૈદર્ભ વગેરે માર્ગોનું ખંડન કરી (૧) સુકુમારમાર્ગ, (૨) વિચિત્રમાર્ગ અને (૩) મધ્યમમાર્ગની સ્થાપના કરી તેના ગુણોનું વિવેચન પ્રસ્તુત કરે છે. અંતે કાલિદાસના કાવ્યોમાં અનૌચિત્યપ્રદર્શન પ્રસ્તુત કરી પ્રથમ ઉન્મેષ સમાપ્ત કરે છે.

આ ઉપરોક્ત વક્રતાઓનું નિરૂપણ કર્યા પછી કુન્તક મહાકવિઓના બધા પ્રબંધોમાં વક્રતાનો સ્વીકાર કરે છે કે જેઓ વિવિધ ઉપાયોથી નીતિમાર્ગનો ઉપદેશ કરે છે.

**બન્ધ**

શબ્દાર્થૌ, સહિતૌ અને વક્રકવિવ્યાપાર એ શબ્દોની વ્યાખ્યા કરી કુન્તક કાવ્યલક્ષણના બન્ધ શબ્દની વ્યાખ્યા પ્રસ્તુત કરે છે. શબ્દ અને અર્થના સૌભાગ્ય અને લાવણ્ય ગુણનો પોષક, વક્રકવિવ્યાપારથી સુશોભિત વાક્યની ગોઠવણી એટલે બન્ધ - वाच्यवाचकसौभाग्य-लावण्यपरिपोषकः। व्यापारशाली वा यस्य विन्यासो बन्ध उच्यते।। (वक्रो. १/२२)

**तद्विदाह्लादकारित्व**

બન્ધ શબ્દની વ્યાખ્યા કર્યા પછી કુન્તક तद्‌विदाह्लादकारित्व શબ્દની વ્યાખ્યા કરે છે. શબ્દ, અર્થ અને વક્રોક્તિ એ ત્રણેયના ઉત્કર્ષથી ભિન્ન ઉત્કર્ષવાળું અને ત્રણેયના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપવાળું (લોકોત્તર સ્વરૂપ), કોઇક અનિર્વચનીય સહૃદયોના હૃદયથી અનુભવાતું, આમોદ-રંજનક્ષમતાને લીધે સુંદર (રમણીય) તત્ત્વ એ -तद्‌विदाह्लादकारित्व છે. - वाच्यवाचकवक्रोक्तित्रितयातिशयोत्तरम्।। तद्विदाह्लाकारित्वं किमप्यामोदसुन्दरम्।। (वक्रो. १/२३)

**કાવ્યના ત્રિવિધ માર્ગ અને ગુણો**

આ રીતે કુન્તક કાવ્યના લક્ષણની વ્યાખ્યા કરી ત્રણ માર્ગોની ચર્ચા કરે છે, આ માર્ગ વિવેચન સંપૂર્ણ મૌલિક જણાય છે. કુન્તક માર્ગોને કવિપ્રસ્થાનના હેતુઓ કહે છે. તે ત્રણ છે- સુકુમાર, વિચિત્ર અને ઉભયાત્મક મધ્યમ - सम्प्रति तत्र ये मार्गाः कविप्रस्थानहेतवः। सुकुमारो विचित्रश्च मध्यमश्चोभयात्मकः।। (वक्रो. १/२४) કવિની પ્રવૃત્તિના કારણભૂત કાવ્યના આ ત્રણ માર્ગો સંભવે છે - न द्वौ न चत्वारः। અહીં માર્ગોના વિવેચન પ્રસંગે કુન્તક કેટલીક વિપ્રતિપત્તિઓ પ્રસ્તુત કરે છે. તે મુજબ પ્રાચીન વામન વગેરે આચાર્યોએ વૈદર્ભી, ગૌડી, પાંચાલી એ ત્રણ રીતિઓનો સ્વીકાર કર્યો. અને એ રીતિઓને ઉત્તમ, મધ્યમ અને અધમ એમ ત્રણ પ્રકારની કહી.

ISSN 2250-3064

તો દંડી વગેરે આચાર્યોએ વૈદર્ભ અને ગૌડ એમ બે માર્ગો ગણાવ્યા. આ બંને બાબતો કુન્તકને સ્વીકાર્ય નથી. તેનું ખંડન કરતાં કુન્તક કહે છે કે- જો દેશભેદના આધારે રીતિઓનો સ્વીકાર કરીશું તો જેટલા દેશ છે તેટલી રીતિઓનો સ્વીકાર કરવો પડશે, જેનાથી આનન્ત્યદોષ થશે. વળી, કાવ્યરચના કોઈ દેશવિશેષનો ધર્મ નથી હોતો- જેમકે મામાની દીકરીને પરણી શકાય એવો રિવાજ અમુક દેશમાં હોય એ રીતે દેશવિશેષમાં કાવ્યમાર્ગ નક્કી કરી શકાય નહિં. કારણ કે દેશનો ધર્મ તો વૃદ્ધોની પરંપરાને આધારે હોય છે, પરંતુ કાવ્યરચના તો શક્તિ, વ્યુત્પત્તિ અને અભ્યાસ એ કારણસામગ્રીના આધારે થતી હોય છે, તેથી શક્તિ વગેરે કારણસામગ્રી દેશવિશેષનો ધર્મ માની શકાય નહિં, અન્યથા એક જ દેશના બધા કવિઓની રચના એક જેવી થવી જોઇએ, પણ એવું થતું નથી. આ જ રીતે રીતિઓના ઉત્તમ, મધ્યમ અને અધમ વગેરે પ્રકારો પણ યોગ્ય નથી. જો વૈદર્ભીને ઉત્તમ, પાંચાલીને મધ્યમ અને ગૌડીને અધમ માનીએ તો વૈદર્ભી સિવાય બીજી રીતિઓમાં આપેલો ઉપદેશ વ્યર્થ સિદ્ધ થશે. સહૃદયોને આનંદ આપે એવી કાવ્યરચનામાં જો ગૌડી અને પાંચાલીથી વૈદર્ભી જેવું સૌંદર્ય ઉભું થતું ન હોય તો એમની વાત કરવી જરૂરી નથી. જે સહૃદયોને આનંદ આપે એવી કાવ્યરચના હોય તો તે ઉત્તમ જ હોય. જે ઉપર કહેલા કાવ્યલક્ષણથી સમન્વિત હોય. આમ, દેશવિશેષના આધારે કરેલા રીતિભેદોનું ખંડન કરી કુન્તક માર્ગભેદને કવિસ્વભાવ સાથે જોડે છે.

કવિસ્વભાવના ભેદને જો કારણ માનીએ તો કાવ્યપ્રસ્થાનભેદ યુક્તિસંગત થશે - कविस्वभावभेदनिबन्धनत्वेन काव्यप्रस्थानभेदः समञ्जसतां गाहते। કવિનો જેવો સ્વભાવ હોય તેવી તેની શક્તિ હોય છે, અને તે શક્તિને અનુરૂપ વ્યુત્પત્તિ અને અભ્યાસ હોય છે, કારણ કે શક્તિ અને શક્તિમાન વચ્ચે અભેદ હોય છે. એ સુકુમાર શક્તિ દ્વારા તે કવિ સૌકુમાર્યને કારણે રમણીય એવી વ્યુત્પત્તિને પ્રાપ્ત કરે છે, એ સુકુમાર શક્તિ અને સુકુમાર વ્યુત્પત્તિ બંને મળીને તે સુકુમારમાર્ગના અભ્યાસમાં તત્પર બને છે અને સુસુમાર કાવ્યની રચના કરે છે. આ જ રીતે વિચિત્ર સ્વભાવવાળો કવિ વિચિત્ર કાવ્યરચના પ્રસ્તુત કરે છે અને મધ્યમ સ્વભાવવાળો કવિ મધ્યમ કાવ્યરચના પ્રસ્તુત કરે છે. આમ, ત્રણ જ કાવ્યપ્રવર્તનના હેતુભૂત માર્ગો છે. આ ત્રણેય માર્ગો રમણીય છે. સહૃદયોને આહ્લાદિત કરવાના સામર્થ્યમાં કોઈમાં પણ ઉણપ નથી હોતી. કવિસ્વભાવના ભેદે માર્ગભેદો અનંત થઈ શકે, પરંતુ સામાન્ય રીતે અહીં ત્રણ ભેદોનો કુન્તકે સ્વીકાર કર્યો છે. ત્રણેય માર્ગોનો કુન્તક વિસ્તારથી પરિચય આપે છે. તેને સરળતાથી સમજવાનો પ્રયત્ન કરીએ.

### (૧) સુકુમારમાર્ગ

કુન્તક સુકુમારમાર્ગની અમુક વિશેષતાઓ બતાવે છે, જેમાં (૧) કવિની દોષરહિત અપૂર્વ

શક્તિ દ્વારા સમુલ્લસિત થનાર અને સહૃદયોને આહ્લાદિત કરવામાં સમર્થ શબ્દો અને અર્થોના કારણે રમણીય બને છે. (૨) કોઇ પ્રયત્ન વિના વિરચિત થોડા જ હૃદયાહ્લાદક અલંકારોથી યુક્ત હોય છે. (૩) આ માર્ગમાં કવિશક્તિ દ્વારા સમુલ્લસિત થનાર પદાર્થોનો રમણીય સ્વભાવ જ સૌંદર્યને પ્રસ્તુત કરે છે, જેના કારણે અન્ય કાવ્યોમાં વિદ્યમાન વ્યુત્પત્તિજન્ય કુશળતા ઢંકાય જાય છે. (૪) શૃંગાર વગેરે રસોના પરમ રહસ્યને જાણવાવાળા એવાં સહૃદયોના મનઃસંવાદ યોગ્ય રમણીય વાક્યવિન્યાસયુક્ત હોય છે. (૫) કવિકૌશલનું સૌંદર્ય વિધાતા દ્વારા નિર્મિત સૃષ્ટિના ઉત્કર્ષતુલ્ય હોય છે, જેની કોઇ નિશ્ચિત સીમા નથી હોતી. (૬) આ માર્ગમાં જે કંઇ પણ અલંકાર વૈચિત્ર્ય હોય છે તે માત્ર કવિની પ્રતિભા દ્વારા નિર્મિત હોય છે. તેના આહાર્ય કૌશલનો સર્વથા અભાવ હોય છે અને તે સૌકુમાર્યની રમણીયતાને પ્રસ્તુત કરનાર હોય છે. આ માર્ગમાં નિપુણ કવિઓ તરીકે કુન્તકે કાલિદાસ તથા સર્વસેન વગેરેનો નામોલ્લેખ કર્યો છે.

### (૨) વિચિત્રમાર્ગ

કુન્તકના મત પ્રમાણે વિચિત્રમાર્ગની વિશેષતાઓ આ પ્રમાણે છે– (૧) કવિપ્રતિભાના પ્રથમ ઉલ્લેખ પ્રસંગે જ કોઇ વિશેષ પ્રયત્નની અપેક્ષા વિના શબ્દો અને અર્થોમાં કોઇક વક્રતાપ્રકાર પરિસ્ફુટિત થતો રહે છે. (૨) આ માર્ગમાં કવિઓ માત્ર એક જ અલંકારથી સંતુષ્ટ નથી થતાં માટે તે અલંકારના અલંકારરૂપે કવિઓ અન્ય અલંકારોને ઉપનિબદ્ધ કરે છે. (૩) આ માર્ગમાં અલંકારનું મહત્ત્વ એટલું બધું પ્રકૃષ્ટ હોય છે કે અલંકાર્ય તેના સ્વરૂપથી આચ્છાદિત થઈને પ્રકાશિત થાય છે. (૪) આ માર્ગમાં જે પદાર્થનું નવીન વર્ણન ન પણ કરેલ હોય તેને પણ માત્ર ઉક્તિવૈચિત્ર્યના માધ્યમથી લોકોત્તર અતિશયની પ્રાપ્તિ કરાવી દેવામાં આવે છે. (૫) સાથે જ કવિ પોતાની પ્રતિભાના બળે પોતાની રુચિ અનુસાર પદાર્થોના સ્વરૂપને કંઇક એવી રીતે પ્રસ્તુત કરી દે છે કે જે સ્વરૂપમાં તે પદાર્થોની વ્યવસ્થા જ નથી હોતી. (૬) શબ્દ અને અર્થની શક્તિથી અલગ વૃત્તિયુક્ત કાવ્યાર્થની અભિવ્યક્તિ કરાવવામાં આવે છે. (૭) રસયુક્ત અભિપ્રાયવાળા પદાર્થોનું સ્વરૂપ લોકોત્તરવૈચિત્ર્ય દ્વારા ઉત્તેજિત કરીને પ્રસ્તુત કરવામાં આવે છે. (૮) વક્રોક્તિનું તે વૈચિત્ર્ય કે જેમાં કોઈક અતિશયોક્તિ પરિસ્ફુરિત થતી રહે છે, તે આ માર્ગનો પ્રાણરૂપ તત્ત્વ છે. આ માર્ગના નિપુણ કવિઓ સ્વરૂપે કુન્તક બાણભટ્ટ, ભવભૂતિ તથા રાજશેખર વગેરેનું સ્મરણ કરે છે.

### (૩) મધ્યમમાર્ગ

મધ્યમમાર્ગમાં સુકુમાર અને વિચિત્ર બંને માર્ગોમાં કહેલી વિશેષતાઓ સંયુક્ત સ્વરૂપે વિદ્યમાન રહે છે, જેમાં કવિની શક્તિ અને વ્યુત્પત્તિથી ઉત્પન્ન સૌંદર્ય એક પરાકાષ્ઠા સુધી પહોંચતું હોય છે. તથા સુકુમાર અને વિચિત્ર માર્ગના માધુર્ય વગેરે ગુણો મધ્યમમાર્ગમાં મધ્યમવૃત્તિનો આશ્રય લઈને અપૂર્વ સૌંદર્યનું સર્જન કરે છે. આ માર્ગના નિપુણ કવિઓ તરીકે કુન્તક માતૃગુપ્ત,

ISSN 2250-3064

Scanned with OKEN Scanner

માયુરાજ તથા મંજીર વગેરેનો નામોલ્લેખ કરે છે.

- **માર્ગોના ગુણો**

કુન્તક પ્રત્યેક માર્ગોના ચાર-ચાર ગુણો દર્શાવે છે- (૧) પ્રસાદ, (૨) માધુર્ય, (૩) લાવણ્ય અને (૪) અભિજાત્ય. આ ચાર ગુણોનું સ્વરૂપ પ્રત્યેક માર્ગમાં વિશિષ્ટ તથા વિવિધતાયુક્ત હોય છે, જેનું વર્ણન પણ કુન્તકે કરેલ છે. ઉક્ત ચાર ગુણોની રમણીય માર્ગત્રિતયની વ્યાખ્યા કરી કુન્તક બે સાધારણ ગુણોનું પણ વર્ણન પ્રસ્તુત કરે છે. તે બે ગુણો- (૧) સૌભાગ્ય ગુણ અને (૨) ઔચિત્ય ગુણ. કુન્તક આ બંને ગુણોનું સ્વરૂપ તથા વિશિષ્ટ ઉપયોગિતા અને વર્ણન પણ જણાવે છે.

આમ, વક્રોક્તિજીવિતકારે દર્શાવેલ ત્રણ માર્ગોના આધારે કાવ્યલક્ષણ, રસ, અલંકાર, રીતિ, ગુણ અને વક્રોક્તિના માધ્યમથી કાવ્યોનું વિશેષદર્શન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થઈ શકે છે.

**સંદર્ભ સાહિત્ય**


૧. संस्कृत काव्यशास्त्र का इतिहास, महामहोपाध्याय डॉ. पी. वी. काणे, अनुवादक- डॉ. इन्द्रचंद्र शास्त्री, प्रकाशक- मोतीलाल बनारसीदास, प्रथम संस्करण-१९६६

૨. A History of Sanskrit Litureture, Classical Period, Prof. S. K. De S. N. Dasgupta, University of Calcutta, 1947

3. A History of Sanskrit Litureture, Dr. A. B. Keith, Oxford University Press, London

૪. ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા, ખંડ-૨, સંપાદક- ડૉ. રમેશ સું. બેત્રઈ, સહસંપાદક- ડૉ. નારાયણ મ. કંસારા, પ્રકાશક- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

૫. वक्रोक्तिजीवितम् प्रथम उन्मेष, डॉ.ओमनाथ बिमली, शिवालिक प्रकाशन, दिल्ली, प्रथम संस्करण-२०१६

૬. वक्रोक्तिजीवितम्, डॉ.दशरथ द्विवेदी, विश्वविद्यालय प्रकाशन, वाराणसी, षष्ठ परिवर्धित आवृत्ति-२०१४

૭. वक्रोक्तिजीवितम्, व्याख्याकार- श्री राधेश्याम मिश्र, चौखम्बा प्रकाशन, वाराणसी, ई.स.२०१६

૮. ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, લેખક- પ્રો.તપસ્વી નાન્દી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

૯. કુન્તકનો વક્રોક્તિવિચાર, લેખક અને પ્રકાશક- રમેશ મ. શુક્લ, પ્રથમ આવૃત્તિ-૧૯૭૮


ISSN 2250-3064

Scanned with OKEN Scanner

१०. नाट्यशास्त्रम्, सम्पादक एवं व्याख्याकार- श्री बाबूलाल शु  ल शास्त्री, चौखम्बा संस्कृत संस्थान, प्रथम संस्करण-१९७८

११. काव्यप्रकाशः, डॉ. એસ.એમ. પંડ્યા તથા ડૉ. હર્ષદેવ માધવ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ઈ.સ. ૨૦૦૩

१२. ध्वन्यालोकः, व्याख्याकार- डॉ. सुरेन्द्रदेव स्नातक शास्त्री, चौखम्बा पब्लिशर्स, वाराणसी, ई.स.२००६

१३. काव्यालङ्कारसूत्राणि, हिन्दी व्याख्याकार- श्री हरगोविन्द शास्त्री, चौखम्बा सुरभारती प्रकाशन, वाराणसी, ई.स. २०१५

१४. काव्यालङ्कारसूत्रवृत्तिः ડૉ. અજિત ઠાકોર, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૦૧

१५. साहित्यदर्पणम्, चन्द्रकला संस्कृत-हिन्दी व्याख्याकार- आचार्य शेषराजशर्मा रेग्मी, कृष्णदास अकादमी, वाराणसी, १९९३



Scanned with OKEN Scanner